શિક્ષણનું ગુણવત્તાલક્ષી સર્વવ્યાપીકરણ એ જ આપણો સંકલ્પ

# મૈત્રી

અંક-૩

## નિરોગી બાળવર્ષ ૨૦૦૮




સંવાહક : શ્રી આર. ડી. વણકર

તંત્રી : ડૉ. એ. વી. પટેલ

સહતંત્રી : શ્રી આર. કે. પટેલ

શ્રી એસ. એચ. પટેલ


જુન ૨૦૦૮












## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સંતરામપુર જિ. પંચમહાલ

## પ્રાથમિક શિક્ષણનું નવલું નજરાણું



વર્ષ : ૨
અંક : ૩

# મૈત્રી

સામયિક

જૂન-૨૦૦૮



**સંપાદન**

તંત્રી શ્રી : મૈત્રી / જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર જી. પંચમહાલ

**સંપાદક મંડળ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુરનો પરિવાર


**લેખકોને :........**

- શિક્ષકોને પ્રેરણાદાયી બને તેવા મૌલિક, સરળ ભાષામાં લખાયેલા અનુભવજન્ય, તલસ્પર્શી, અભ્યાસપૂર્ણ ટૂંકા, લેખો આવકાર્ય છે.
- લેખો હસ્તાક્ષરમાં સફેદ કાગળ ઉપર એક જ બાજુએ જોડણીની ભૂલો વગરના હોય તે ઈચ્છનીય છે.
- લેખ પાછા મોકલવામાં આવતા નથી.
- લેખ, પત્રવ્યવહાર અને સમાચાર મોકલવાનું સરનામું સિ. લે. ડૉ. એ. વી. પટેલ જિ.શિ. અને તા. ભવન સંતરામપુર, જિ. પંચમહાલ

**સાંકળિયું**


૧. પ્રસ્તાવના - શ્રી આર. ડી. વણકર ૧
૨. તંત્રીસ્થાનેથી - ડૉ. એ. વી. પટેલ ૨
૩. શિક્ષણના નૂતન - : ડૉ. એ. વી. પટેલ ૩
૪. મૂલ્ય શિક્ષણ - ૮
૫. સંકલિત શિક્ષણ - શુક્લા, શાહ, પટેલ, ચૌધરી અને અઘારીયા ૧૪
૬. લેખિત અભિવ્યક્તિ - રમેશ એમ. પટેલ ૨૦
૭. સારા અક્ષર - સંકલન : ડૉ. એ. વી. પટેલ ૨૩


પરિવર્તન અને નવસર્જન વિના જીવનવિકાસ શક્ય નથી. કવિ કહે છે કે નવસર્જન માટે જે જૂનું-પુરાણું છે તેને તોડવું-ફોડવું પડશે. જડતાના કેટલાય થર માનવીના હૃદય-મનને બાઝેલા છે. એ સૌને તોડવા કવિ પોતાના બાહુઓને ઘણ ઉઠાવવા કહે છે. ધરતી ધણધણે ને આકાશ કંપી ઊઠે, માનવઉરોમાં ભય ફેલાય અને જગત છો રસાતાળ જાય... ચિંતા નહિ; હે મારી ભુજાઓ, તમે ઘણ ઉઠાવો અને યુગયુગના ચઢેલા જડતા-જીર્ણતાના થરોને તોડી દો. જૂનું તોડીને અવનવા ઘાટ આપવા પણ ભુજાઓએ જ ઘણ ઝીંકવાનો છે. નવો ઘાટ ઘડનારાની ભુજાઓમાં બળ જોઈએ. પ્રજા-જીવનમાં નવજાગરણ લાવવા કવિ પુરાણા જડ-જીર્ણ ખ્યાલોને તોડીને બદલાતા સમયને અનુરૂપ નૂતન ઘાટ ઘડવાની હાકલ કરે છે. ગાંધીયુગનાં (૧૯૩૦-૪૦નાં) એ વર્ષોમાં સમાજને જગવવા સારુ લખાયેલાં કાવ્યોમાંનું એક આ કાવ્ય આજે પણ એટલું જ પ્રસ્તુત છે.

# પ્રસ્તાવના

*પ્રિય સારસ્વત મિત્રો,*

અંબરમાંથી વર્ષાનાં બુંદ ટપક્યાં, પહેલો વરસાદ ભીંજવી ગયો અને પશુ-પંખી, વૃક્ષો તરોતાજા બન્યા, મારા સારસ્વત મિત્રો પણ વેકેશનનો આનંદ માણી વર્ષાના આગમન સાથે ઉત્સાહભેર શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી રથયાત્રા ઉજવી ધગશ અને નિષ્ઠાથી બાળકોને સંસ્કારલક્ષી શિક્ષણ આપવા થનગની રહ્યા છે. નૂતન વર્ષ માટેનું આયોજન કરી જીતો અને જીતોના લક્ષ સાથે બાળદેવોની શૈક્ષણિક ગુણવત્તાના સર્વવ્યાપીકરણ માટે ક્રમબદ્ધ રીતે આગળ વધીયે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમ્યાન આપના અદમ્ય ઉત્સાહ અને પ્રાપ્ત કરેલ સફળતા બદલ સૌને અભિનંદન પાઠવું છું. પોતાની શક્તિઓના જોરે જે આગળ વધે છે તે મહારથી બને છે. ૨૦૧૦ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં આપણે પ્રત્યેક સારસ્વત એક-એક સંકલ્પ કરીએ અને તેને પૂર્ણ કરવા માટેના પ્રયત્નો કરીયે. આપણે મેઢક બનીને વર્ગખંડમાં કોલાહલ નથી મચાવવો પણ મોરલો બની મધૂર ટહૂકાથી બાળકોને આનંદવિભોર બનાવવા છે.

**આર. ડી. વણકર**
**પ્રાચાર્ય**
**ડાયટ, સંતરામપુર**

# તંત્રી સ્થાનેથી

સ્નેહી ગુરુજનો,

ગ્રીષ્મની કાળજાળ ગરમીની વિદાય અને વર્ષાનું આગમન અને તે સાથે જ મોટુ વેકેશન માણી નવા શૈક્ષણિક સત્રમાં આપનુ પગરણ બાળદેવોને સંસ્કારસભર ગુણવત્તાલક્ષી શિક્ષણની વૃષ્ટિ કરનારૂ પુરવાર થાય તેવી મૈત્રીના તંત્રી તરીકેની મારી શુભેચ્છાઓ.

ઉમંગભેર આપણે પ્રવેશોત્સવ ઉજવ્યો. ૧૦૦% નામાંકન માટે કટીબદ્ધ બન્યા. હવે ટૂંક સમયમાં જ સ્કાઉટ ગાઈડના કાર્યક્રમ માટે પણ તત્પર રહેવાનું છે. ત્યારે સત્રની શરૂઆતથી જ સંકલ્પબદ્ધ બનો કે સતત વાચનશીલ બનીશું આપણે મેળવેલા પ્રશિક્ષણને બાળદેવો સુધી પહોંચાડીશું અને ઇન્ટરનેટના આ યુગમાં 'મા' ના સ્તરે જઈને બાળકોને શિક્ષણ આપીશું. આપણે બાળકોમાં મૂલ્યલક્ષી શિક્ષણનું અભિસ્થાપન કરવાનું છે. ચારિત્ર્ય અને સંસ્કારનું પારણું બાંધવાનું છે. શાળાને જ્ઞાનની પરબ બનાવવાની છે ત્યારે હમેંશા હિતકર વાણી, મધુર અને બાલભોગ્ય વાણીના સતત આગ્રહી રહીયે.

પાંડુરંગ શાસ્ત્રીજીએ આપણા માટે જે વ્યાખ્યા બાંધી છે તેવા બનવાનો પ્રયત્ન કરીએ. ''અર્કવાળો. તર્કવાળી, મધુપર્કવાળો, સતત સંપર્કવાળો અને સ્માર્ટવર્કવાળો તે છે આપણા શિક્ષણના ધામનો રખવાળો.'' આપણે સરસ્વતી સાધક બની આપણી સંસ્કૃતિનું રક્ષણ કરીએ, જતન કરીએ અને તેનું સંર્વધન કરીયે અને શાળાને સાચા અર્થમાં સરસ્વતીનું ધામ બનાવીએ તેની પવિત્રતા અને ગરીમા જળવાય તેની સતત કાળજી રાખીએ કેમકે શાળા એતો ગામનું ઘરેણું છે. ગામની શોભા છે. તેને સતત વિસ્તારીએ અને વિકસાવીએ.

**ડો. એ. વી. પટેલ**
**તંત્રી ''મૈત્રી''**
**ડાયટ, સંતરામપુર**

# શિક્ષણના નૂતન પ્રવાહો અને પદ્ધતિઓ

(સંકલન : ડૉ. એ. વી. પટેલ
ડાયટ, સંતરામપુર

**પ્રસ્તાવના :**

પરિવર્તનના યુગમાં સમાજની અપેક્ષાઓ પૂર્ણ કરવા શિક્ષણ-પ્રણાલીમાં સતત ફેરફારો થતા રહે છે. વિવિધ શૈક્ષણિક પ્રવાહો અને પદ્ધતિઓ વિકસાવવામાં આવે છે. અથવા નવા સ્વરૂપે અમલમાં મૂકવામાં આવે છે. આ અંગેના શૈક્ષણિક હેતુઓનો પરિણામલક્ષી અભ્યાસ કરવા માટે, શિક્ષણક્ષેત્રે કાર્યરત સહુએ નૂતન શૈક્ષણિક પ્રવાહો, પદ્ધતિઓ અને તેમનાં ઉદ્દેશો વિશે અવગત થવું એ આજના સમયની તાતી જરૂરિયાત છે. વૈયક્તિક તફાવતો અને સમાજની જરૂરિયાતોને લક્ષમાં લઈને અમલી આવા શૈક્ષણિક પ્રવાહો અને પદ્ધતિઓ શિક્ષણના સાર્વત્રિકરણ અને ગુણવત્તાના સુધાર માટે કેટલે અંશે ઉપયોગી પુરવાર થયાં - થશે તે જોવાની આપણાં સૌની ફરજ છે. પ્રસ્તુત વિષયવસ્તુના અધ્યયન દ્વારા શૈક્ષણિક પ્રવાહો અને પદ્ધતિઓ વિશે સહચિંતન કરી પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ અને ગુણાત્મક સુધારના સર્વવ્યાપીકરણની દિશામાં સૌનો સહકાર મળી રહે તે મુખ્ય ઉદ્દેશ છે.

**વિષયવસ્તુ :**

અર્થશાસ્ત્રના નોબેલ પ્રાઈઝ વિજેતા અને ભારતીય એવા ડૉ. અમર્ત્ય સેનના મતાનુસાર, "પ્રાથમિક શિક્ષણની સદ્ધરતા વિના સમાજની કરોડરજ્જુ સ્થિર ન રહી શકે તેમજ રાષ્ટ્ર ક્યારેય પ્રગતિ ન કરી શકે. સાર્વત્રિકતા અથવા વૈશ્વિકરણનો સંદર્ભ વ્યાપ પૂરતો સીમિત નથી. એમાં બે વસ્તુ ઉમેરવાની શક્યતા તપાસી જવાની અનિવાર્યતા છે. - ગુણવત્તા અને જરૂરિયાત."

ઉપરોક્ત બાબતોની અનિવાર્યતાને લીધે જ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણના કલેવરને બદલવાની પહેલના ભાગરૂપે થયેલાં કાર્યોથી પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ અને ગુણવત્તા સુધારના સર્વવ્યાપીકરણના કાર્યને એક નવી દિશા મળી છે. નૂતન અભિગમ અને પ્રવાહો અમલી થતાં જ પ્રાથમિક શિક્ષણમાં નોંધપાત્ર સકારાત્મક પરિવર્તનો આવ્યાં છે, જેવાં કે - નામાંકનમાં વધારો, પ્રવૃત્તિમય અને આનંદદાયી શિક્ષણ, શિક્ષણમાં લોકસહકાર અને સહભાગીદારીપણું, અભ્યાસક્રમ સુધારણા, સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પ્રવિધિનો અમલ, ક્રિયાત્મક શિક્ષણ અને મૂલ્યાંકન, શૈક્ષણિક સિદ્ધિનું સર્વેક્ષણ, ક્રિયાત્મક સંશોધન કાર્ય, કઠિન બિંદુ આધારિત સેવાકાલીન તાલીમ, દૂરવર્તી શિક્ષણ, રાષ્ટ્રીય સમસ્યાઓ અંગે જાગૃતિ માટેના વિવિધ કાર્યક્રમોનો અમલ વગેરે...

**૩.૧ શૈક્ષણિક નૂતન પ્રવાહો**

**૩.૧.૧ શાળા પ્રવેશોત્સવ**

રાજ્ય સરકારનાં તમામ માધ્યમો દ્વારા આ ગૌરવયુક્ત અભિયાન એક નક્કર સ્વરૂપ લઈ ચૂક્યું છે. વધુમાં, વધુ બાળકો શાળાઓમાં અભ્યાસ કરે તે માટે આ પ્રયત્ન દ્વારા ૧૮ લાખથી પણ વધુ બાળકોને શાળામાં લાવી શકાયાં છે. જ્ઞાતિઓના આગેવાનો, સમાજ સેવકો, સાહિત્યકારો, પ્રચાર-માધ્યમો, અધિકારીઓ, પદાધિકારીઓ અને સરકારી કર્મચારીઓએ બાળકોને શાળામાં મોકલવાના આ અભિયાનને સમર્થન આપ્યું છે.

**૩.૧.૨ રિસોર્સ સેન્ટર :**

નૂતન પ્રવાહોના ઝડપી અમલીકરણ અને અસરકારક વહન માટે પ્રત્યેક જિલ્લામાં નીચે મુજબનાં રિસોર્સ સેન્ટર સ્થાપવામાં આવ્યા છે.

B.R.C. (બ્લોક રિસોર્સ સેન્ટર - તાલુકા સંસાધન કેન્દ્ર)

C.R.C. (કલસ્ટર રિસોર્સ સેન્ટર - જૂથ સંસાધન કેન્દ્ર)

બી.આર.સી.-તાલુકામાં નૂતન પ્રવાહો અંતર્ગત શૈક્ષણિક તાલીમી માળખા સૂચિત આયોજન અને અમલીકરણ અર્થે મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.

તાલુકાની અંદાજિત સાત થી બાર શાળાઓ દીઠ સ્થપાયેલાં સી.આર.સી. જૂથ શિક્ષણ, સ્વનિર્મિત સાધન નિર્માણ અને નિદર્શન, નૂતન અભિગમ આધારિત શિક્ષણ કાર્યક્રમોના આયોજન સંબંધી કાર્યો દ્વારા જૂથની શાળાઓનાં શિક્ષકોને જરૂરી એવું પ્રત્યક્ષ માર્ગદર્શન પૂરું પાડવામાં સક્રિય યોગદાન આપે છે.

**૩.૧.૩ પ્રવૃત્તિમય અને આનંદદાયી શિક્ષણ :**

ભણતરમાંથી ભારની બાદબાકી કરતો આ પ્રયાસ એ સ્વ. ગીજુભાઈ બધેકા અને સ્વ. જુગતરામ દવે જેવા સુપ્રસિદ્ધ કેળવણીકારોએ અપનાવેલી શિક્ષણ-પદ્ધતિનો

સમયોચિત આધુનિક ફેરફાર છે. પ્રસ્તુત અભિગમની વિશેષતાઓ નીચે મુજબની છે.

→ સંપૂર્ણ વૈજ્ઞાનિક ઢબે સંશોધનના આધાર સાથે અભિગમનો સ્વીકાર.
→ માત્ર માહિતીલક્ષી નહીં, પરંતુ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ આધારિત પાઠ્યપુસ્તકોનો અમલ.
→ પાઠ્યપુસ્તક નિર્માણમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની સક્રિય ભાગીદારી.
→ ધો. ૧ અને ૨માં ગુજરાતી અને પર્યાવરણ અભ્યાસ વિષયોનો સમન્વય કરીને એક જ પાઠ્યપુસ્તકનું નિર્માણ.
→ પાઠ્યક્રમમાં સર્જનાત્મક કાર્યો / પ્રયોગોને સારો અવકાશ.

**૩.૧.૪ મફત પાઠ્યપુસ્તક વિતરણ અને સંબંધિત તાલીમ :**

૬ થી ૧૪ વર્ષની વયના પ્રત્યેક બાળકને સમાનતાના ધોરણે મફત પાઠ્યપુસ્તક મળી રહે તે માટે આ પ્રકારની યોજના અમલમાં મૂકવામાં આવી છે અને પ્રાથમિક શાળામાં શિક્ષણકાર્ય કરતા શિક્ષકો અને આચાર્યો શિક્ષણના આ નવીન પ્રવાહોથી માહિતગાર થાય તે માટે શિક્ષક / વાલીઓ માટે ખાસ આવૃત્તિ તથા તેને લગતી સઘન તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

**૩.૧.૫ સેવાકાલીન તાલીમ કાર્યક્રમો :**

જી.સી.ઈ.આર.ટી. ગાધીનગર દ્વારા યોજાતા વિવિધ સેવાકાલીન કાર્યક્રમો 'કાસ્કેડ મોડેલ' અને 'ડિસ્ટન્સ મોડ' આધારિત અભિગમથી રાજ્ય વ્યાપી બનાવવામાં આવે છે.

**કાસ્કેડ મોડેલ :**

કી - રિસોર્સ પર્સન
↓
રિસોર્સ પર્સન
↓
માસ્ટર ટ્રેઈનર્સ
↓
ટીચર્સ (શિક્ષકો)

ઉપરોક્ત વિગત અનુસાર તબક્કાવાર સૌ પ્રથમ કી-રિસોર્સ પર્સન તૈયાર કરવામાં આવે છે. તેમના સહયોગથી જિલ્લા કક્ષાએ તાલીમકાર્યને વેગ આપવા રિસોર્સ પર્સન તૈયાર કરવામાં આવે છે. તાલુકા કક્ષાએ તાલીમકાર્યના વહન માટે માસ્ટર ટ્રેઈનર્સ તાલીમબદ્ધ કરવામાં આવે છે, જેમના સહયોગથી તમામ શાળાઓના શિક્ષકોને તાલીમ આપવાનું કાર્ય સંપન્ન કરવામાં આવે છે.

'સેવાકાલીન શિક્ષક-પ્રશિક્ષણ વિશેષાંક, 'મૂલ્યાંકન વિશેષાંક', 'કેળવણી નિરીક્ષક વિશેષાંક', 'વિદ્યા સહાયક તાલીમ મોડ્યુલ', 'શિક્ષક નિદર્શિની' વગેરે જેવા વિશિષ્ટ સાહિત્ય નિર્માણ દ્વારા તાલીમ કાર્યક્રમને સઘન બનાવવામાં આવે છે.

**ડિસ્ટન્સ મોડ :**

સામાન્ય રીતે શિક્ષણ કે તાલીમ વર્ગખંડમાં હાજર શિક્ષક દ્વારા અથવા તજજ્ઞ દ્વારા અપાય છે, પરંતુ આ પ્રકારે અપાતી તાલીમમાં ઉપગ્રહ આધારિત પ્રસારણ માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં મધ્યસ્થ સ્ટુડીઓમાં હાજર તજજ્ઞો સ્ટુડીઓમાંથી તાલીમ આપે છે અને જુદાજુદા વિસ્તારોમાં આવેલાં વર્ગખંડો (લર્નિંગ રિસિવિંગ સેન્ટર્સ) માં તેનું દૃશ્ય-શ્રાવ્ય પ્રસારણ ઝીલાય છે. તાલીમાર્થી શિક્ષકો / આચાર્યો તજજ્ઞોને પ્રશ્નો પૂછીને ઉત્તરો મેળવી શકે છે. આમ, વર્ગખંડથી દૂર આવેલા સ્ટુડીઓમાંથી તાલીમ કાર્યક્રમનું પ્રસારણ થતું હોવાથી તેને દૂરવર્તી તાલીમ / શિક્ષણ કહેવામાં આવે છે. તાલીમ આપવાનો આ અભિગમ 'ડિસ્ટન્સ મોડ' આધારિત છે. આવા પ્રકારની તાલીમ પૂરી પાડવા માટે "વિકાસ અને શૈક્ષણિક સંચાર એકમ (ડેકુ) - ઈસરો - અમદાવાદ" તેમજ "દૂર સંવેદન અને સંચાર કેન્દ્ર (રિસેકો) - ગાંધીનગર"નો સહયોગ પ્રાપ્ત થતો રહે છે.

**૩.૧.૬ શૈક્ષણિક સિદ્ધિ સર્વેક્ષણ :**

M.L.L.s ના નિર્ધારિત સ્તર (૭૫ x ૮૦) સુધી બાળકોની સિદ્ધિ કક્ષા લઈ જવાના પ્રયાસ પૂર્વે ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સિદ્ધિ સર્વેક્ષણ અર્થે G.C.E.R.T. ગાંધીનગર પ્રેરિત સંશોધન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો. આ અંતર્ગત ધો. ૩ થી ૭ના વિદ્યાર્થીઓની જિલ્લાવાર શૈક્ષણિક સિદ્ધિનું માપન કરી, સિદ્ધિઆંક મેળવવામાં

આવ્યો. સમગ્ર રાજ્યના જિલ્લાવાર, ધોરણ અને વિષયવાર સિદ્ધિઆંક જાણવા માટે જૂન-૨૦૦૨ના 'જીવન શિક્ષણ'નો અભ્યાસ કરી શકાય. તાલુકાવાર સિદ્ધિઆંક જાણવા જિલ્લાના જિલ્લા શિક્ષણ તાલીમ ભવનનો સંપર્ક કરવાથી માહિતી મળી શકશે.

પ્રસ્તુત કાર્યની ફલશ્રુતિ સ્વરૂપે વિષયવાર કઠિનબિંદુઓ પ્રાપ્ત થયાં, જેના આધારે સંશોધન પ્રેરિત સેવાકાલીન તાલીમ આપી ગુણવત્તા સુધારની દિશામાં સ્તુત્ય પ્રયાસો કરવામાં આવ્યાં છે.

**૩.૧.૭ ક્રિયાત્મક શિક્ષણ અને મૂલ્યાંકન :**

સતત સર્વગ્રાહી મૂલ્યાંકન પ્રવિધિ અંતર્ગત ક્રિયાત્મક કસોટીઓને વિધિવત્ સ્થાન આપવાથી, વિવિધ રીતોથી ક્રિયાત્મક શિક્ષણને ઉત્તેજન મળ્યું છે. પ્રવૃત્તિમય શિક્ષણ, જૂથ કાર્ય, રમત-ગમત દ્વારા શિક્ષણ T.L.M. નો ઉપયોગ, ગીત-અભિનય ઇત્યાદિથી ક્રિયાત્મક શિક્ષણ અને મૂલ્યાંકન સંબંધી માર્ગદર્શન અને તાલીમ પણ આપવામાં આવી છે.

**૩.૧.૮ શૈક્ષણિક સાધન સામગ્રીનું વિતરણ :**

રાજ્યમાં નૂતન પ્રવાહો અંતર્ગત જોગવાઈઓ અન્વયે શાળાઓમાં ટી.વી., ટેપ રેકોર્ડર, ઓડિયો-વીડિયો કેસેટ, પુસ્તકો અને અન્ય શૈક્ષણિક સાધન સામગ્રીનું વિતરણ કરવામાં આવે છે.

**૩.૧.૯ વિદ્યાસહાયકોની નિમણૂક :**

ખાલી જગ્યાની સંખ્યા મુજબ (૨૫,૦૦૦ જેટલા) વિદ્યાસહાયકોની ભરતી કરવાની થતી હોઈ, સમગ્ર રાજ્યમાં વિદ્યાસહાયકોની નિમણૂક થતી રહે છે. પરિણામે બેરોજગારી નિવારણની સાથે સાથે શિક્ષણમાં ગુણવત્તા સુધારની પ્રક્રિયાને પણ સારો વેગ મળી રહ્યો છે.

**૩.૧.૧૦ પ્રાથમિક શાળાઓનું અપગ્રેડેશન :**

રાજ્યની ધો. ૧ થી ૪ ની મોટાભાગની (તમામ) પ્રાથમિક શાળાઓમાં ધો. ૫મું પણ શરૂ કરવામાં આવ્યું છે. આ માટે જરૂરી (૨,૫૦૦ જેટલા) વિદ્યાસહાયકોની ભરતી સહિતની જોગવાઈ કરવામાં આવી.

**૩.૧.૧૧ સેનિટેશનની વ્યવસ્થા :**

શાળાઓમાં ભણતી બાળાઓ તથા શિક્ષિકાઓ માટે સેનિટેશનની વ્યવસ્થા કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

**૩.૧.૧૨ પ્રિ ફેબ્રીકેટેડ મટીરિયલ્સમાંથી બનાવેલા ઓરડાઓ :**

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૧૦,૦૦૦ જેટલા ઓરડાઓ પ્રી ફેબ્રીકેટેડ મટીરિયલ્સમાંથી બનાવવાનું આયોજન વિચારાયું છે. આ માટેની નાણાકીય જોગવાઈનો અમલ પણ થઈ રહ્યો છે, જેના થકી ભૌતિક સુવિધામાં વિશેષ વધારો થયો છે.

**૩.૧.૧૩ ઓપરેશન બ્લેક બોર્ડ :**

શાળાઓમાં વર્ગ હોય, શિક્ષક હોય પરંતુ શૈક્ષણિક સાધનો, રમત-ગમતનાં સાધનો, વાચન સાહિત્ય વગેરે ન હોય તો બાળકનો સર્વાંગી વિકાસ શક્ય બનતો નથી. તેથી, આ O.BB. યોજના હેઠળ રાજ્યની ૧૦,૪૪૬ શાળાઓને આવરી લઈ રૂા. ૫૦,૦૦૦ ની શૈક્ષણિક સાધન-સામગ્રી પ્રત્યેક શાળાને પૂરી પાડવામાં આવનાર છે. આ સાધનોની ખરીદી અંગેની સત્તા ગ્રામ શિક્ષણ સમિતિને સુપરત કરવામાં આવી છે.

**૩.૧.૧૪ ડેટમ ગ્રાન્ટમાં વધારો :**

પ્રાથમિક શાળાઓને દૈનિક ખર્ચ માટે આચાર્યોને વિદ્યાર્થી દીઠ અપાતી ગ્રાન્ટમાં બમણો વધારો કરીને રૂ. ૮/- (આઠ) આપવાનું નક્કી કર્યું છે. તેમજ કન્ટીજન્સી દરોમાં વધારો કરીને મુખ્ય શિક્ષકને માસિક રૂપિયા પચ્ચીસ તથા વધારાના શિક્ષકદીઠ રૂપિયા દશ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**૩.૧.૧૫ રાજ્ય તથા રાષ્ટ્રીય પારિતોષિક યોજના :**

રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોને પ્રેરણા પૂરી પાડતી આ એક મહત્ત્વની યોજના છે. જેના દ્વારા શિક્ષક હમેશાં પોતાનો વ્યક્તિગત વિકાસ કરવા સતત કાર્યશીલ રહે છે. આ યોજના અંતર્ગત શિક્ષકને દસ હજાર રૂપિયા રોકડ સહાય, પ્રમાણપત્ર તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવે છે ૨૫૦૦ કી.મી. સુધી ગમે ત્યાં મુસાફરી કરવા મફત પાસ મળે છે. તથા ટેલિફોન સગવડ મેળવવા માટે અગ્રતા ક્રમ આપવામાં આવે છે.

રાષ્ટ્રીય પારિતોષિકમાં રોકડ સહાય, ચાંદીનો શિલ્ડ, પ્રમાણપત્ર, રેલવેમાં ૫૦% રાહત પાસ વગેરે આપવામાં આવે છે.

**૩.૧.૧૬ સામયિકનું મફત વિતરણ:**

પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્યો, બાળકો માટે શૈક્ષણિક માર્ગદર્શન માટે ઉપયોગી થાય તે હેતુથી બાલ સૃષ્ટિ, જીવન શિક્ષણ, વિજ્ઞાન સેતુ જેવાં સામયિકોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે.

**૩.૧.૧૭ બાળ મેળો / વિજ્ઞાન મેળો :**

બાળ મેળાના માધ્યમથી સર્જનાત્મક અને આનંદદાયી પ્રવૃત્તિઓને મૂર્તિમંત કરવાના પ્રયાસથી નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તાસુધારને વેગ મળ્યો છે.

સી.આર.સી. કક્ષા-તાલુકા કક્ષા જિલ્લાકક્ષા-રાજ્ય કક્ષા-રાષ્ટ્રીય કક્ષા એમ પાંચ સ્તરીય તબક્કે યોજાતા વિજ્ઞાન મેળાઓથી બાળકોમાં વૈજ્ઞાનિક વલણો વિકસાવવામાં સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

**૩.૧.૧૮ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારણા માટે કાર્યરત માળખું.**

N.C.E.R.T. - રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

G.C.E.R.T. - ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ

D.I.E.T. - જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન.

B.R.C. - તાલુકા સંસાધન કેન્દ્ર

C.R.C. - જૂથ સંસાધન કેન્દ્ર

V.E.C. - ગ્રામ શિક્ષણ સમિતિ

**૩.૧.૧૯ વિવિધલક્ષી અભિગમો/ યોજનાઓ/કાર્યક્રમો**

**M.L.L.s. - લઘુતમ અધ્યયન કક્ષા**

**D.P.E.P. - જિલ્લા પ્રાથમિક શિક્ષણ સુધારણા કાર્યક્રમ :**

**S.S.A. - સર્વ શિક્ષા અભિયાન :**

કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત સહયોગથી આ કાર્યક્રમમાં ૨૦૧૦ સુધીમાં ૬ થી ૧૪ વયજૂથનાં તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરવાનો ઉપક્રમ છે.

'સૌના માટે શિક્ષણ' - એ તેનો કેન્દ્રવર્તી વિચાર છે અને પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ એ તેનું મુખ્ય ધ્યેય છે.

**વૈકલ્પિક શાળા કેન્દ્રો :**

રાજ્યમાં ગમે-તે કારણોસર શિક્ષણથી વંચિત રહી જતાં બાળકો માટે વૈકલ્પિક શાળા કેન્દ્રો દ્વારા શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

વેકેશન બ્રીજ કોર્ષ, બેક ટુ સ્કૂલ યોજના, નિવાસી યોજના, મોબાઈલ સ્કૂલ વગેરે પણ અસરકારક યોજનાઓ પુરવાર થઈ રહી છે. ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ઔદ્યોગિક એકમોના સહયોગથી અમલી 'મોબાઈલ સ્કૂલ' એ ગુજરાતની પ્રથમ મોબાઈલ સ્કૂલ છે.

ઉપરોક્ત તમામ વૈકલ્પિક શાળા વ્યવસ્થાની જોગવાઈઓમાં લોકસહયોગ, ગ્રામ શિક્ષણ સમિતિ, એમ.ટી.એ., પી.ટી.એ. વગેરેનો સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

**વિદ્યાલક્ષ્મી યોજના :**

૧૮ મી જૂના ૨૦૦૨ના રોજ ગુજરાત સરકાર દ્વારા કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા પ્રસ્તુત યોજના જાહેર કરી. જેમાં રાજ્યના ૨૫% થી ઓછો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા જિલ્લાઓના કુલ ૩૦૦ તાલુકાઓની ૩૦,૦૦૦ કન્યાઓને (ધો. ૧ માં ભણતી) રૂપિયા એક હજારની રકમના બોન્ડ આપવાની જાહેરાત કરી. જે ધોરણ સાત પાસ કર્યા બાદ, બમણી થઈ તેને આગળ અભ્યાસ અર્થે મળે તેવી જોગવાઈ છે.

**૩.૨ શૈક્ષણિક પદ્ધતિઓ :**

શૈક્ષણિક પદ્ધતિઓ નીચે મુજબના ત્રણ પેટા વિભાગોમાં વહેંચવામાં આવે છે.

**૩.૨.૧ શિક્ષક કેન્દ્રી પદ્ધતિ (Teacher-Centred-Methods)**

**(૧) કથન પદ્ધતિ :**

આ એકમાર્ગીય પદ્ધતિ છે. જેમાં શિક્ષક મહદ્અંશે વિષયવસ્તુનું નિરૂપણ કરતો હોય છે. વિદ્યાર્થીઓના

પ્રતિભાવ ઓછા સ્વીકારાય છે. વિદ્યાર્થીઓ માત્ર શ્રોતા બની રહે છે તેથી આ પદ્ધતિનો ઉપયોગ પ્રમાણમાં ઓછો થાય તે જરૂરી છે.

**(૨) વ્યાખ્યાન પદ્ધતિ :**

સામાન્ય રીતે બોધદાયક પાઠો, ચિન્તનાત્મક એકમો, વિવિધ સંદર્ભો, આધારો અને ઉદાહરણો સહિત સમજાવવા માટે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. તેમાં વૈવિધ્ય લાવવા અન્ય પ્રયુક્તિઓનો સમન્વય પણ કરવામાં આવે છે.

**(3) નિદર્શન પદ્ધતિ :**

વિષય વસ્તુ વિસ્તરણના પ્રયોગોમાં આ પદ્ધતિનો ઉપયોગ તાય છે. શિક્ષક નિદર્શન કરે અને વિદ્યાર્થીઓ અવલોકન કરે, જેના આધારે સામાન્યીકરણ કરી નોંધ કરી તારણો કાઢે છે. શિક્ષણને રસપ્રદ બનાવવા માટે અસરકારક પદ્ધતિ છે.

**(૪) ટીમ ટીચિંગ (જૂથ અધ્યાપન પ્રયુક્તિ) :**

આ પ્રયુક્તિમાં વિષય / વિષયાંગનો જટિલ મુદ્દો એકી સાથે બે વ્યક્તિ શીખવે છે. ખૂટતી માહિતીની પૂર્તતા એકબીજાના પૂરક બનીને કરે છે. વિષય વસ્તુની રજૂઆત પૂરક વિચારો દ્વારા રજૂ કરવામાં આવે છે.

## ૩.૨.૨ વિદ્યાર્થીકેન્દ્ર પદ્ધતિ (Pupil Centred Methods)

**(૧) જૂથ ચર્ચા પદ્ધતિ :**

અધ્યક્ષ સ્થાનેથી પ્રશ્ન મૂકાય છે અને તેની જૂથમાં ચર્ચા અને ત્યારબાદ પ્રશ્નોત્તરી થાય છે. ક્યારેક અગાઉથી વિષયવસ્તુ સંદર્ભ પણ આપવામાં આવે છે, જેના અભ્યાસના આધારે ચર્ચાના મુદ્દાઓ તૈયાર કરી ચર્ચા કરવામાં આવે છે. ચર્ચાનું કેન્દ્ર જળવાઈ રહે તે જરૂરી છે. ચર્ચાના અંતે નોંધ તૈયાર કરવામાં આવે છે.

**(૨) નાટ્યીકરણ પદ્ધતિ :**

વિષયવસ્તુ અંતર્ગત કેટલાક પ્રસંગો, બનાવોને જીવંત, દશ્યમાન અને રસપ્રદ બનાવવા આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. ગુજરાતી વિષયના કેટલાક એકમો તથા ઐતિહાસિક બનાવોને રજૂ કરવા આ પદ્ધતિનો ઉપયોગ અસરકારક બને છે.

**(૪) પ્રદર્શન પદ્ધતિ :**

ભૂગોળ, વિજ્ઞાન, ઈતિહાસ, નાગરિકશાસ્ત્ર જેવા વિષયોમાં અખબારો, માસિકો, ફોટોગ્રાફી, પ્રાકૃતિક ચીજ વસ્તુઓ (પાન, ફળ, ફૂલ, માટી, ખડકો, બીજ, વનૌષધિ), લોક કલાના નમૂના સંગ્રહ, ચિત્રો, મોડેલ્સ, ચાર્ટસ, સ્વનિર્મિત શૈક્ષણિક સાધનો વગેરેની આયોજનબદ્ધ અને ક્રમિક ગોઠવણી દ્વારા પ્રદર્શન ગોઠવવામાં આવે છે. દરેક વિભાગના નેતા (વિદ્યાર્થી) મુલાકાતીઓને (વિદ્યાર્થીઓને) માર્ગદર્શન આપે છે.

**(૪) સમસ્યા ઉકેલ પદ્ધતિ :**

વિજ્ઞાન, ભૂગોળ, ગણિત જેવા વિષયોમાં આ પદ્ધતિ દ્વારા કેટલાક જટિલ મુદ્દાઓને લગતી સમસ્યાને હલ કરવા નીચે મુજબ કાર્ય કરવામાં આવે છે.

- સૌ પ્રથમ વિદ્યાર્થીઓ સમસ્યા રજૂ કરે છે અને તેનો હેતુ સ્પષ્ટ કરવામાં આવે છે.
- વિદ્યાર્થીઓ નાના જૂથમાં બેસી ચર્ચા અને વિચારોની આપ-લે કરે છે. સમગ્ર વર્ગ પણ સમૂહમાં ચર્ચા કરી શકે.
- વિદ્યાર્થીઓ ચર્ચા દ્વારા માહિતી એકત્ર કરે છે, તેની ચકાસણી થાય છે, તેનું અર્થઘટન થાય છે અને સમસ્યાનો ઉકેલ મેળવાય છે.

**(૫) પ્રકલ્પ (પ્રોજેક્ટ) પદ્ધતિ :**

આ પદ્ધતિ અનુસાર, કોઈ ચોક્કસ હેતુને ધ્યાનમાં લઈને બાળકોના સમૂહને કાર્ય સોંપવામાં આવે છે. સમગ્ર વર્ગના વિદ્યાર્થીઓ નાના સમૂહોમાં વહેંચાઈને એકબીજાના પારસ્પરિક સહકારથી અધ્યયન પ્રવૃત્તિઓ હાથ ધરે છે અને શીખવા પ્રયત્ન કરે છે. આ પદ્ધતિને પ્રકલ્પ પદ્ધતિ પણ કહે છે.

**(૬) શોધ પદ્ધતિ :**

નિયમ કે સિદ્ધાંત શોધવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. મેળવેલાં અવલોકનો પરથી સામાન્યીકરણ કરી નિયમ કે સિદ્ધાંત તારવવામાં આવે છે. શોધ પદ્ધતિથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ કેળવાય છે.

**(૭) સ્વઅધ્યયન પદ્ધતિ :**

શિક્ષણની પ્રક્રિયામાં આ પદ્ધતિ ખૂબ જ અગત્યની છે, જેમાં વિદ્યાર્થી પોતાની જાતે અધ્યયન કરે છે. જેના દ્વારા નિપુણતા પ્રાપ્ત કરી શકે છે. આ પદ્ધતિમાં સ્વાધ્યાય, અભિક્રમિત અધ્યયન, ઓડિયો-વીડિયો કેસેટ, સી.ડી. જેવી સામગ્રીનો ઉપયોગ અધ્યેતા કરે છે.

**(૮) પરિસંવાદ પદ્ધતિ :**

વિષય કે વિષયાંગને અનુરૂપ જુદા જુદા મુદ્દાઓ વિદ્યાર્થીઓને સોંપીને પૂર્વ તૈયારી કરાવી રજૂઆત કરવાની તક આપવામાં આવે છે. મુક્ત ચર્ચા અને વિષયવસ્તુના સ્પષ્ટીકરણ માટે પ્રશ્નોત્તરી થાય છે. ધો. ૫ થી ૭ માં પ્રાથમિક કક્ષાએ આ પદ્ધતિનો ઉપયોગ કરી શકાય.

**૩.૨.૩ જૂથ કેન્દ્રી પદ્ધતિ (Group Centred Methods)**

**(૧) બ્રેઈન સ્ટોર્મીંગ :**

કોઈ પણ એક ખ્યાલ રજૂ થાય, તે અંગેના વિચારો બે-ત્રણ મિનિટમાં વિદ્યાર્થીઓ નોંધે. જટિલ કોયડાઓ જાતે મગજ કસીને ઉકેલે તે માટે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. વિદ્યાર્થીઓની શીઘ્ર રજૂઆત અને હાજર જવાબીપણાનો ખ્યાલ આવે છે.

**(૨) બઝ સેશન :**

શિક્ષક એક અઘરી સમસ્યા વિદ્યાર્થીઓ સમક્ષ મૂકે છે. વિદ્યાર્થીઓ નાના જૂથમાં અંદરો-અંદર (મધમાખીનો ગણગણાટ થતો હોય તેમ) ચર્ચા કરે છે. અહીં વિદ્યાર્થીઓને શાંત રાખવાની જરૂર નથી. અઘરી સમસ્યાના મુદ્દા નોંધાતા હોય છે. વિદ્યાર્થીઓમાં તર્કશક્તિનો વિકાસ થાય છે.

**(૩) ગેય અભિનય :**

વિદ્યાર્થીઓ ગીત, જોડકણાં, કવિતા વગેરે અભિનય દ્વારા અભિવ્યક્ત કરે છે. આ પદ્ધતિ દ્વારા બાળકોની મુક્ત અભિવ્યક્તિ ખીલે છે.

**(૪) ક્ષેત્રિય મુલાકાત પદ્ધતિ :**

ભૂગોળ, ઈતિહાસ, વિજ્ઞાન જેવા વિષયોમાં પ્રાયોગિક અને પ્રાકૃતિક સાબિતી માટે અવલોકન અને નોંધ દ્વારા અભ્યાસ કરવા પૂર્ણ આયોજિત ક્ષેત્રિય મુલાકાત ગોઠવવામાં આવે છે. આ પદ્ધતિના અનુકાર્યરૂપે પ્રશ્નોત્તરી, પ્રદર્શન, સંગ્રહ, સાધન-સામગ્રી નિર્માણ જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે.

# મૂલ્ય શિક્ષણ

**પ્રસ્તાવના :**

મૂલ્ય એ ખૂબ વિશાળ અર્થમાં પ્રયોજાયેલો શબ્દ છે. તેને કોઈ ચોક્કસ વ્યાવહારિક માળખામાં બંધબેસતો કરવો એ આમ જુઓ તો અશક્ય બાબત છે. કારણ, મૂલ્ય ને મોટે ભાગે વ્યક્તિના પોતાના ઉપર આધાર રાખે છે વ્યક્તિ જેટલો મૂલ્ય વિશે સભાન તેટલો સમાજ સાથેનો તેનો વ્યવહાર સુસંવાદિત અને સૌજન્યપૂર્ણ બને અને સમાજની ઉર્ધ્વગતિ ત્વરતિ રીતે શક્ય બને. વ્યક્તિ વિકાસના ત્રણ પાસાં છે (૧) જ્ઞાનાત્મક (૨) ભાવાત્મક (૩) કૌશલ્યાત્મક જેમાં ભાવાત્મક વિકાસમાં મૂલ્યનું સ્થાન અગત્યનું છે. આપણે એ પણ ન ભૂલવુ જોઈએ કે "વ્યક્તિ સાથે મૂલ્ય બદલાતું રહે છે."

**મૂલ્ય એટલે શું ?**

ઉપર મુજબની ચર્ચા પરથી પ્રથમ પ્રશ્ન એ ઉપસ્થિત થાય કે મૂલ્ય એટલે શું ? આનો જવાબ આપણે ટૂંકમાં અને સાવ સરળ શબ્દમાં આ મુજબ આપી શકીએ કે "મૂલ્ય એટલે કિંમત" વ્યક્તિ એ પ્રકારનું જીવન જીવે કે જેથી તે કિંમતી અને આદર્શયુક્ત બને. બીજા શબ્દમાં કહીએ તો "જીવનને દિશા આપતા માર્ગદર્શક ધોરણો."

"વ્યક્તિ સમાજની જરૂરિયાતો અને આકાંક્ષા વચ્ચે સંવાદિતા સ્થાપી શકે તે મૂલ્ય."

"માણસ જેનાં થકી માણસ બને છે તે મૂલ્ય"

**મૂલ્ય શિક્ષણ શા માટે ?**

વર્તમાન યુગ આધુનિકરણનો યુગ છે. પ્રાધોગિકીનાં ક્ષેત્રે અને અન્ય ક્ષેત્રોમાં આજે આપણે પ્રગતિનાં પંથે છીએ. જેમાં ખૂટે છે માત્ર મૂલ્યો. આજે વ્યક્તિ આર્થિક દૃષ્ટિએ પ્રગતિ કરે છે. અને તેથી સમાજમાં ટૂંક સમય માટે તેનું સ્થાન ઊંચું પણ આવે છે. પરંતુ તે કાયમી ટકી રહેતું નથી. કારણ વ્યક્તિનાં વિચારવ્યવહારનાં મૂલ્યો થકી જે

સંસ્કારિતાની છાંટ હતી તે લોપ થતી જાય છે. અને આથી જ ખૂબ વિચારને અંતે ૧૯૮૬ની નવી શિક્ષણ નીતિમાં સર્વગ્રાહી રીતે સ્વીકાર થયો આ શિક્ષણનો પ્રયત્ન મૂલ્યલક્ષી જીવન માટે વિદ્યાર્થીને તૈયાર કરવાનો છે જેથી દેશને વધુ સારા નાગરિકો મળે.

છેલ્લા બે-ત્રણ દાયકામાં સૌએ અનુભવ્યું છે કે મૂલ્યોનો હાસ થઈ રહ્યો છે. જ્યાં સુધી આ હ્રાસ ઘટે નહીં ત્યાં સુધી "સારું જીવન" (Better Life) અને ઉન્નત જીવન (Higher Life) ની કલ્પના જ થઈ શકે. મૂલ્ય માટે વ્યક્તિની જાગૃતિ અને આચરણ અને મૂલ્યનિષ્ઠાની અનુભૂતિનાં માધ્યમ છે.

ખાસ કરીને જ્યારે ભારતીય ચિંતન, મૂલ્યની પીઠિકા ઉપર જ સ્થિર થયું છે. કારણ "નૈતિક અનુશાસન" એ ભારતીય શિક્ષણ વિચારનો પ્રાણ છે. ત્યારે નીચે મુજબનાં હેતુઓને ધ્યાનમાં રાખી આ શિક્ષણ આપવું જરૂરી છે.

**મૂલ્ય શિક્ષણના હેતુઓ :**

**અધ્યેતા મૂલ્ય વિશે જાણે :**

સૌ પ્રથમ તો અહીં બાળકને આપણી ભારતીય સંસ્કૃતિનાં પરંપરાગત મૂલ્યોથી પરિચિત કરવો પડશે. દા.ત. સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, સહકાર, સન્માન, વિનય, વિવેક, વગેરેનું જીવનમાં શું મહત્ત્વ છે અને શા માટે ? આ દરેક બાબતને આપણે મૂલ્ય સાથે જોડીએ છીએ ? તે સમજાવવું પડશે.

**અધ્યેતા મૂલ્યલક્ષી શિક્ષણ વિશે જાણે :**

મૂલ્યલક્ષી શિક્ષણ શા માટે જરૂરી છે. તેનાં દ્વારા જીવનની ગુણવત્તા કઈ રીતે વધારી શકાય છે. આ બાબતનાં અમલ દ્વારા જીવનને ઉજ્જ્વળ કઈ રીતે બનાવી શકાય તે માટેની માહિતી આપવી જોઈએ.

**શિક્ષકો અભ્યાસક્રમના અંતર્ગત ભાગ તરીકે હાર્દરૂપ તત્ત્વોને મૂલ્યના સંદર્ભમાં શીખવે :**

મૂલ્ય એ આમ જુઓ તો શીખવવાની વાત નથી પરંતુ આજે આપણે એક વિષય તરીકે મૂલ્ય શિક્ષણ આપવું પડે છે, તે આપણી કમનસીબી છે. ખરેખર તો વ્યક્તિને પોતાનાં કુટુંબ, સમાજ, પાડોશ, મિત્રો, શિક્ષકો, વડીલો વગેરે પાસેથી મૂલ્યો જોઈને અનુકરણ દ્વારા શીખવા મળે છે. (પરંતુ આજે આ બાબતનો હ્રાસ થવાથી) શિક્ષકો અભ્યાસક્રમમાં આવતી આવી બાબતોને "ફોકસ' કરે અને એ દ્વારા મૂલ્ય શિક્ષણ આપે તે જરૂરી છે. દા.ત. ધો-૫ સમાજવિદ્યામાં 'નચિકેતા'ના પાઠ દ્વારા વડીલનું સન્માન, નીડરતા, પિતાના બોલની કિંમત, નિર્લોભીપણું વગેરે તથા ધો-૯માં ઈઝરાયેલ અને મલેશિયા જેવા પાઠમાંથી પર્યાવરણ, સ્વદેશ ભાવના, મહેનતનું મૂલ્ય વગેરે. આમ દરેક પાઠમાંથી હાર્દરૂપ તત્ત્વ કઈ પ્રકારનું મૂલ્ય છે તે સમજાવવું.

**ભાવિ સમાજને મૂલ્યનિષ્ઠ નાગરિક મળે :**

આજે વ્યક્તિ ભણે છે પણ ગણતી નથી. ટૂંકમાં તેની પાસે વ્યાવહારિક જ્ઞાન અને સમજનો અભાવ છે. આ જ્ઞાન અને સમજ આપણી ભૂતકાળની સંસ્કૃતિને વાંચવા, વિચારવા, અને વાગોળવાથી થાય છે. આથી અભ્યાસક્રમમાં આવતી આ પ્રકારની માહિતીમાં મૂલ્ય શિક્ષણને આવરી લેવું જરૂરી છે.

**મૂલ્યનો હ્રાસ થતો અટકે અને મૂલ્યનું જતન થાય :**

વિદ્યાર્થી ઘણી વખત અજાણતાં જ મૂલ્યનો હ્રાસ કરે છે. તેનો એવો કોઈ ઈરાદો નથી હોતો. આથી જો તેને વ્યવસ્થિત શિક્ષણ અપાય તો આ બાબત મહદઅંશે અટકે છે. દા.ત. વડીલો સામે ઊંચા અવાજે બોલવું અને ગમે તેવા જવાબ આપવા તે વિનય, વિવેક, જેવા મૂલ્યનો હ્રાસ છે તે વિદ્યાર્થીને ખબર નથી. તેથી, તે આમ કરે છે. માટે આ સમયે તેને વિનય, વિવેક, મર્યાદા, વડીલોનું સન્માન વગેરે જેવા આપણા પરંપરાગત સાંસ્કૃતિક મૂલ્યોની સમજ આપવી જરૂરી બને છે.

**વિષયવસ્તુ :**

શાળા કક્ષાએ વિદ્યાર્થીઓને મૂલ્ય શિક્ષણ આચાર્યો અને શિક્ષકોનાં આચરણ દ્વારા અને અલગ-અલગ વિષયોમાં આપવામાં આવેલા વિષયવસ્તુ દ્વારા આપી શકાય. શાળામાં શીખવવામાં આવતા વિષયવસ્તુમાં ખાસ તો સમાજવિદ્યા, ભાષા, વિજ્ઞાન, સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ વગેરે જેવા વિષયો દ્વારા મૂલ્યનો વિકાસ થઈ શકે.

**સમાજવિદ્યા :**

આ વિષયમાં પર્યાવરણ, વસ્તી વિસ્ફોટ,

સ્વતંત્રતાનો ઈતિહાસ, નાગરિકની ફરજો, દેશ નેતાનાં જીવન ચરિત્રો, ગરીબી, આરોગ્ય શિક્ષણ, નિરક્ષરતા, અસ્પૃશ્યતા નિવારણ, બેકારી નિવારણ, પડોશી સાથેના સંબંધો, રાષ્ટ્રિયતાનો વિકાસ, વિશ્વબંધુત્વ, વિશ્વશાંતિ, વસુદેવ કુટુંબકમ, લોકશાહી, બિનસાંપ્રદાયિકતા, સમાનતા, સર્વધર્મ સમભાવ, સમાજનો વિકાસ, જાતિય સમાનતા, સાંસ્કૃતિક વારસો, બંધારણીય જવાબદારી, માનવ સંબંધો અને આંતર વ્યવહાર, દેહશુદ્ધિ, વિચારશુદ્ધિ જેવા મુદ્દાઓને સમાવી શકાય.

**ભાષા :**

માનવ મૂલ્યો, સંસ્કાર, સ્ત્રીનો દરજ્જો, આદર્શો, ગરીબી, બેકારી, આરોગ્ય શિક્ષણ, પર્યાવરણની સમજ, ન્યાય પ્રેમ, શાંતિ, સત્ય, સદાચાર વગેરે જેવા મુદ્દા સમાવી શકાય.

**વિજ્ઞાન :**

વિજ્ઞાનનો જીવનમાં વિનિયોગ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ, સ્વાસ્થ્ય, માનવ સમાજની રચનામાં વિજ્ઞાનનું યોગદાન, સામાજિક અવરોધો દૂર કરવામાં પર્યાવરણની જાળવણી, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ દ્વારા અંધશ્રદ્ધા દૂર કરવી, સત્ય પ્રત્યે આદર, સ્વચ્છતા વગેરેનું મુદ્દાનો સમાવેશ કરી શકાય.

**શારીરિક શિક્ષણ :**

આરોગ્યની જાળવણી, સહકાર, નિખાલસતા, ખેલદિલી, રાષ્ટ્રિય ભાવનાનો વિકાસ, તંદુરસ્ત સ્પર્ધા, સહનશીલતા, ખેલદિલી, સમૂહભાવના વગેરે જેવાં મૂલ્યોનો સમાવેશ થઈ શકે.

**કલા સંગીત :**

તાલ અને લયબદ્ધતા, ઐક્યની ભાવના, સૌદર્યની પરખ, સ્વરમાધુર્યની પરખ વગેરેનો સમાવેશ થાય છે.

**ગણિત :**

તર્કબદ્ધ વિચારણા, ચોકસાઈ, સમસ્યાનું નિરાકરણ વગેરે જેવાં મૂલ્યોનો સમાવેશ કરી શકાય.

**વિષયવસ્તુ પર આધારિત હાર્દરૂપ દસ તત્ત્વો :**

વિષયવસ્તુ આધારિત મુખ્ય હાર્દરૂપ તત્ત્વોને નીચે મુજબ વર્ણવી શકાય.

**૧. ભારતની સ્વાતંત્ર્ય ચળવળનો ઇતિહાસ :**

આપણી તરુણ પેઢીમાં સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળ અંગેની જાણકારી કે સમજણનો અભાવ છે તેનામાં દેશદાઝ અને રાષ્ટ્રની સિદ્ધિઓ પરત્વેના આદરના ગુણો દૃઢમૂલ કરવા માટે નિઃસ્વાર્થ બલિદાનોથી રંગાયેલા સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળનો સર્વાંગી પરિચય આપવો જરૂરી છે. જેથી સ્વતંત્રતાનું મૂલ્ય વિદ્યાર્થી સમજી શકે.

**૨. બંધારણીય જવાબદારીઓ :**

ભારતનું બંધારણ આપણા રાષ્ટ્રને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક, બનાવવાનો સંકલ્પ પ્રગટ કરે છે. દરેક નાગરિક સામાજિક, આર્થિક, રાજનૈતિક, સહિતનો સર્વદેશીય ન્યાય હાંસલ કરવાની વિચારઅભિવ્યક્તિ, માન્યતા, શ્રદ્ધા અને ઉપાસનાનું સ્વાતંત્ર્ય સિદ્ધ કરવાના દરજ્જાની તથા સમાનતાની તક નાગરિકોને પ્રાપ્ત થાય તે માટેને સંકલ્પ બંધારણનાં આમુખ દ્વારા વ્યક્ત થાય છે. તેને સમજાવવા જરૂરી છે.

**૩. રાષ્ટ્રીય ઐક્ય માટે આવશ્યક વિષયવસ્તુ :**

ભારત એ વિવિધ જાતિઓનો, વિવિધ ધર્મોનો અને વિવિધ ભાષાનો દેશ છે. છતાં, આ વિવિધતામાં પાયાની એકતા છે. આથા વિવિધ પેટા-સંસ્કૃતિઓ વચ્ચે સાચી સમજને વિકસાવી રાષ્ટ્રીયતાનાં મૂલ્યને પ્રસ્થાપિત કરી શકાય.

**૪. ભારતનો સામાન્ય સાંસ્કૃતિક વારસો :**

ભારતીય સંસ્કૃતિની વિશાળ પરંપરા છે, તે સાંસ્કૃતિક મૂલ્યો વ્યક્ત કરે છે. અનેક સંસ્કૃતિનો તેમાં સમન્વય થયેલો છે. વિદ્યાર્થીઓ શાળાકક્ષાએ આ ભવ્ય સાંસ્કૃતિક વારસાનો ખ્યાલ પ્રાપ્ત કરે અને તેની જાળવણી માટે જાગૃત બને તે શિક્ષણનો મહત્ત્વનો હેતુ છે. ભારતમાં પ્રદેશમાં વિવિધ સ્થળો, અને સાહિત્યનો, પ્રજાના ધર્મો અને ઉત્સવોનો લોકજ્ઞાન અને લોકનૃત્યનો, શાસ્ત્રીયનૃત્યનો, વિવિધ હસ્તકલા અને શિલ્પ સ્થાપત્યનો પરિચય અધ્યેતાને સતત થવો જોઈએ.

**૫. સર્વસમાનતા, લોકશાહી અને બિનસાંપ્રદાયિક્તા :**

ભારતનાં સંવિધાનના આમુખમાં ભારતની પ્રજાનાં મૂળમાં ભારતને સાર્વભૌમ, સમાજવાદી,

બિનસાંપ્રદાયિક, લોકશાહી, રાજ્યનાં રૂપમાં ઘડવાની પ્રતિજ્ઞા મૂકવામાં આવી છે. અને ભારતીય નાગરિકને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની બાંયેધરી આપવામાં આવી છે. આ આપણાં રાષ્ટ્રીયલક્ષ્યો છે. આ લક્ષ્યો પાર પાડવા માટે રાષ્ટ્ર સંકલ્પબદ્ધ છે. આપણા અભ્યાસક્રમમાં સર્વસમાનતા, લોકશાહી અને બિનસાંપ્રદાયિકતાને સ્થાન આપવામાં આવ્યું છે.

સર્વસમાનતાનું ધ્યેય ભારતનાં તમામ નાગરિકોને એક ભૂમિકાએ મૂકે છે. અસ્પૃશ્યતા, કાયદાથી ગુન્હો છે. દરેકને ન્યાય મળે આર્થિક અસમાનતા ઓછી કરવી વગેરે બાબતોને આવરી લેવી જોઈએ.

લોકશાહી ભારતનો પ્રાણ છે જે તમામ રાજ્ય પદ્ધતિમાં શ્રેષ્ઠ છે. લોકો પોતાના શાસનકર્તાને પસંદ કરે છે. અને લોકોની ઇચ્છા પ્રમાણે કામ કરવાને બંધાયેલા છે. આ ઉત્તમ રાજ્ય પદ્ધતિ વિશે અધ્યેતાઓ ખ્યાલ મેળવે અને આવી રાજ્ય પદ્ધતિ ટકાવી રાખવાની યોગ્યતા મેળવે તેવો પ્રયત્ન કરવો જોઈએ.

ભારતની પ્રજા જુદા-જુદા ધર્મો પાળે છે. આથી ભારતે કોઈ ધર્મ સ્વીકાર્યો નથી અને તે બિનસાંપ્રદાયિક દેશ છે. બધા ધર્મોનાં મૂળતત્ત્વો સરખાં છે. દરેક ધર્મ માણસને માણસ બનાવે તે જરૂરી છે. આ ખ્યાલ અધ્યેતામાં આવે તે જરૂરી છે.

**૬. જાતિય સમાનતા :**

સ્ત્રી અને પુરૂષ ઘરનાં અને બહારનાં કામો માટે સરખી ક્ષમતા ધરાવે છે. અને તે અંગેની જવાબદારીઓનાં સરખા હિસ્સેદાર છે. તેવું વલણ દાખવે તેવો પ્રયત્ન કરવો જોઈએ. સ્ત્રી ગૃહિણી સિવાય આજેવિવિધક્ષેત્રે કામ કરતી થઈ છે. સ્ત્રીઓને મળતા કાયદેસરના અધિકારો, તેમજ પોતાની શક્તિ માટે પૂરતી જાગૃતિ કેળવી, પોતાના વિકાસ ઉપર ધ્યાન આપે તે બાબત ઉપર ભાર મૂકવો જોઈએ.

**૭. પર્યાવરણની જાળવણી :**

કુદરતી ભેદોથી માનવજાત કુદરતની ઋણી છે. તેની મનુષ્યજાત ઉપર અનહદ કૃપા છે. મનુષ્યના જીવનના અસ્તિત્વ માટે અને વિકાસ માટે કુદરતે ઘણું આપ્યું છે. પાણી, હવા, સૂર્યપ્રકાશ, ધરતી, વૃક્ષો, પ્રાણીઓ, ખનિજદ્રવ્યો, ખનિજતેલ વગેરે કુદરતી સ્રોત છે. આ કુદરતી સ્રોત તે આપણું પર્યાવરણ છે. જેનો વિવેક વગર ઉપયોગ કરીએ તો આ અખૂટ સંપત્તિ પણ ખૂટી જવાની સમસ્યા ઊભી થાય અને તંગી ઊભી થાય. વળી વાતાવરણની સમતુલા જોખમાય, હવા, પાણી, ખોરાક, જમીન વગેરે પ્રદૂષિત થાય અને માનવનું અસ્તિત્વ જોખમાય વસ્તીવૃદ્ધિએ પણ પર્યાવરણને ખલેલ પહોંચાડી છે. આ બધાથી બચવા આજે વિદ્યાર્થીને પર્યાવરણની જાળવણી માટે જાગૃત કરવા જોઈએ.

**૮. સામાજિક અવરોધો દૂર કરવા :**

ભારતીય સમાજ અનેક જ્ઞાતિઓમાં વહેંચાયેલો છે. જ્ઞાતિઓની સદીઓ જૂની પરંપરા છે. જેની સાથે ઊંચનીચના ખ્યાલો દઢ થયેલા છે. ભારતીય સમાજ રૂઢિઓથી બંધાયેલ છે. જેથી પ્રજાનું માનસ બંધિયાર બની ગયું છે. ભારતીય સમાજબદ્ધ સમાજ છે. તેને ખુલ્લો સમાજ બનાવાય તો વિકાસનાં દ્વાર ખૂલે. કારણ કે વિશ્વ આજે ખુલ્લાપણાને વિકસાવી રહ્યું છે, એક બની રહ્યું છે. જેનો ખ્યાલ વિદ્યાર્થીને આપી રૂઢ ખ્યાલોથી મુક્ત કરવાના છે.

**૯. 'નાનુ કુટુંબ' એ ધોરણનું પાલન :**

વસ્તી વિસ્ફોટ વૈશ્વિક સમસ્યા છે. રાષ્ટ્રીય મૂલ્ય છે. ભારત પણ તેનો કપરો સામનો કરી રહ્યું છે. આવતીકાલનાં માતા-પિતા અને જવાબદાર માતૃત્વ અને પિતૃત્વ ધારણ કરનાર છે, તેવાં બાળકોને આજથી જ નાના કુટુંબનો ખ્યાલ, તેના લાભો, વિકાસની તકો, સાથે મોટા કુટુંબની બેહાલી, તેનાથી સર્જાતી સમસ્યાઓ વગેરે વિષે માહિતી આપવી જોઈએ.

**૧૦. વૈજ્ઞાનિક વલણની કેળવણી :**

ભારતીય સમાજના વિકાસમાં અંધશ્રદ્ધા મોટો અવરોધ છે. માણસનું જીવન અંધશ્રદ્ધા અને વહેમોથી મુક્ત થાય તે માટે શાળામાં પ્રયત્નો થવા જોઈએ. તાર્કિક ન હોય તેવું કશું ન સ્વીકારવાનું વલણ અધ્યેતામાં કેળવવું જોઈએ. વહેમો અને અંધશ્રદ્ધાને ચકાસણી કર્યા વગર સ્વીકારી લેવાનું વલણ પેઢી-દરપેઢી જોવા મળે છે. નવી શિક્ષણનીતિ આ વલણ તોડવા માગે છે. બાળકનાં મનમાં "આમ શા માટે ?" તેવો પ્રશ્ન ઊઠે અને તેનો ખુલાસો મેળવવા પ્રયત્ન કરે, તેવું વલણ કેળવવું જોઈએ.

**૧૧. મૂલ્યનાં પ્રકારો :**

મૂલ્યનાં મુખ્ય ચાર પ્રકારો છે.

૧. મૂર્ત : મકાન, ખોરાક, કપડાં, સામાજિક રૂઢિઓ, જરૂરિયાતો વગેરે.

૨. અમૂર્ત : સત્ય, પ્રેમ, અહિંસા, સુખ, શાંતિ, સંતોષ, સંવેદનશીલતા વગેરે.

૩. સ્થાયી : જે સ્થળકાળની અસરથી મુક્ત છે. અને અપરિવર્તનશીલ છે. દા.ત. 'વસુધૈવકુટુંબકમ્' સમાનતા સહકાર.

૪. અસ્થાયી : જે સ્થળ અને કાળ પ્રમાણે બદલાય છે. દા.ત. સ્વદેશી વસ્તુને પ્રાધાન્યનું મૂલ્ય નવી ટેકનોલોજીનાં યુગમાં બદલાયુ ંછે.

ઉપરનાં મુખ્ય ચાર મુદ્દા ઉપરથી મૂલ્યના પેટા પ્રકારો નીચે મુજબ આપી શકાય.

**૧. વ્યક્તિગત મૂલ્ય :**

વ્યક્તિનો પ્રત્યેક વ્યવહાર એક મૂલ્ય છે. તેનું દૈનિક જીવન, ખાણીપીણી, રહેણીકરણી, શ્રમનું ગૌરવ સ્વચ્છતા ઉદ્યમશીલતા, કર્તવ્યપરાયણતા, જુસ્સો, શિસ્ત, આત્મગૌરવ, ચારિત્ર્ય, ધ્યેયનિષ્ઠા સહનશક્તિ વ્યક્તિનાં જીવનમાં આ બધાં તત્ત્વો વણાયેલા હોય તો તેનું વ્યક્તિત્વ મૂલ્યલક્ષી છે તેમ કહી શકાય.

**૨. સામાજિક મૂલ્ય :**

વ્યક્તિ સામાજિક પ્રાણી છે. સમાજ દ્વારા વ્યક્તિનો અને વ્યક્તિ દ્વારા સમાજનો વિકાસ થાય છે. જાહેર મિલકતની જાળવણી, સહકાર, સામાજિક દરજ્જો, સામાજિક ન્યાય સેવા, બંધુત્વ, કરુણા, ક્ષમા, ત્યાગ, બલિદાન, જેના દ્વારા 'સ્વ' અને 'પર'નો વિકાસ થાય છે.

**૩. સાંસ્કૃતિક મૂલ્યો :**

સંસ્કૃતિ માનવ દ્વારા પાંગરતી હોય છે. સંસ્કૃતિ દ્વારા માનવ સંસ્કૃત બને છે. અને આંતરિક રીતે સમૃદ્ધ બને છે. સત્ય, અહિંસા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, સ્વાશ્રય, અસ્પૃશ્યતાનિવારણ, સર્વધર્મસમભાવ, ધાર્મિક સહિષ્ણુતા, સાંસ્કૃતિકવારસાની જાળવણી વગેરેનો સમાવેશ થાય છે સાંસ્કૃતિક વ્યવહાર તો માનવ જીવનનું ઘરેણું છે.

**૪. આર્થિક મૂલ્ય :**

અછતપ્રધાન સમયમાં અર્થપ્રધાન સમાજમાં ભોગવાદ, સુખવાદ અને સ્પર્ધાના જમાનામાં સૌ જીવે છે. ત્યારે ઉત્પાદકતા, શોષણ વિહિન અર્થવ્યવસ્થા અને સમાજરચના જરૂરી છે. વ્યક્તિમાં પ્રામાણિકતા આવે તે જરૂરી છે.

**૫. રાષ્ટ્રીય મૂલ્ય :**

રાષ્ટ્ર અને નાગરિક એક સિક્કાની બે બાજુ છે. રાષ્ટ્રની અખંડિતતા અને અસ્તિત્વ માટે વ્યક્તિ પોતાની જવાબદારી અદા કરે. રાષ્ટ્રપ્રેમ, વતનપ્રેમ, પર્યાવરણની જાળવણી, સ્વાર્પણની ભાવના વસ્તી વિસ્ફોટની સભાનતા, નિરક્ષરતા નિવારણ વગેરે ગુણોનો વિકાસ થવો જોઈએ.

**૬. નૈતિક મૂલ્ય :**

માનવીનો વ્યવહાર નૈતિકતાસભર હોય તે અનિવાર્ય છે. અને નીતિમતા માનવજીવનનો પાયો છે. પ્રામાણિકતા અને વિશ્વાસ તેનો પ્રાણ છે. શુદ્ધતા, માનવતા, ન્યાય, અન્યની લાગણી, સ્વીકાર, નિખાલસતા, ખેલદિલી વગેરે જેવા ગુણોનો વિકાસ જરૂરી છે.

**૭. આધ્યાત્મિક મૂલ્યો :**

વિશ્વભરમાં ભારત જેવો કોઈ આધ્યાત્મિક દેશ નથી, પ્રભુપ્રેમ, બ્રહ્મનિષ્ઠા, તપશ્ચર્યા, ધાર્મિકતા, ડહાપણ વગેરે વિશે બાળક જાણકાર હોવો જોઈએ.

**૮. આંતરરાષ્ટ્રીય મૂલ્ય :**

વિજ્ઞાન અને ટેક્નોલોજીના ઉપયોગથી દેશ-દેશ વચ્ચેનું અંતર ઘટ્યું છે. તેથી ભૌતિક અને ભૌગોલિક અંતર ઘટ્યું છે. ત્યારે સહ અસ્તિત્વ, વિશ્વબંધુત્વ, પારસ્પરિક સહકાર વગેરે ગુણોનો વિકાસ થવો જોઈએ.

**પદ્ધતિ-પ્રવિધિઓ :**

મૂલ્ય શિક્ષણ માટે કેટલાક અભિગમો છે. જેને અપનાવવાથી શાળા બાળકોનાં જીવનને મૂલ્યથી ભરી દે તે અપેક્ષિત છે. આમ તો જીવનમાં મૂલ્યની સ્થાપના કે વિકાસ સરળ નથી. આ માટે કોઈ જાદુઈ ચાવી નથી કે નથી કોઈ ચોક્કસ સૂત્ર, પદ્ધતિ, પ્રયુક્તિ, વ્યૂહરચના વારસાગત અને પર્યાવરણીય પરિબળો આ પ્રક્રિયાને પ્રભાવિત કરે છે.

મોટેભાગે મૂલ્ય શિક્ષણનાં કાર્યોને નીચેના અભિગમો દ્વારા આવરી લેવાય છે.

**પ્રત્યક્ષ અભિગમ :**

પ્રત્યક્ષ અભિગમ એટલે શાળાનાં સમયપત્રકમાં ફાળવવામાં આવેલાં તાસમાં હેતુપૂર્વક અને પદ્ધતિસર નક્કી કરેલાં પાઠ્યપુસ્તકો દ્વારા માહિતીનું વિતરણ જેમાં મૂલ્યો અલગ વિષય તરીકે નહીં પરંતુ અભ્યાસક્રમના ભાગ તરીકે હોય છે. મહાન પુરૂષોના જીવન પ્રસંગો, દંતકથાઓ, વાર્તાઓ વગેરેમાંથી મૂલ્ય સીધું અધ્યેતાના માનસપટ પર પહોંચાડાય છે.

**પરોક્ષ અભિગમ :**

અભ્યાસક્રમના વિવિધ વિષયો, યા વિષયવસ્તુ દ્વારા તેમજ સહઅભ્યાસિકપ્રવૃત્તિઓ, કાર્યક્રમો, પ્રવાસ, પર્યટન વગેરે દ્વારા મૂલ્યનું શિક્ષણ થાય તે પરોક્ષ અભિગમ છે. આ અભિગમમાં શિક્ષણકાર્ય દરમ્યાન પરોક્ષરીતે મૂલ્ય શિક્ષણ તરફ અંગુલીનિર્દેશ કરવાનો છે.

**પ્રસંગોપાત અભિગમ :**

પ્રસંગોપાત અભિગમ એટલે શાળાનાં પર્યાવરણમાં કે સમાજમાં ઊભા થતાં ચોક્કસ બનાવ ઘટના કે પરિસ્થિતિનાં સંદર્ભમાં મૂલ્યનું શિક્ષણ થાય તે અનુભવોનાં આદાન પ્રદાન દ્વારા, ચર્ચા દ્વારા, ઉત્તમ રીતભાત, મધુરવાણી, સ્નેહ, પરસ્પર સહાય, સહાનુભૂતિ સચ્ચાઈ, પ્રામાણિકતા વગેરે અધ્યેતા દ્વારા વ્યક્ત થાય ત્યારે પ્રાર્થના સભામાં તેને બિરદાવી મૂલ્ય શિક્ષણનું કાર્ય સહજભાવે થઈ શકે.

**વિવેચનાત્મક તપાસ અભિગમ :**

વિવેચનાત્મક તપાસ અભિગમ એટલે અધ્યેતા પોતાને ઉદ્‌ભવેલી સમસ્યાનું વિશ્લેષણ, માર્ગદર્શનની નજર હેઠળ થયા કરે અને તેનાથી સાચા કે ખોટા વર્તનથી નીપજતાં પરિણામો, તેની અસર વગેરેનો અભ્યાસ કરે છે. આ અભિગમ વ્યક્તિગત કે સામૂહિક રીતે પણ હાથ ધરી શકાય. આ માટે મહાપુરુષોના જીવનના પ્રસંગો અને તેમનાં આચરણ પર ચર્ચા કરી શકાય.

**સમગ્રતયા પર્યાવરણીય અભિગમ :**

મૂલ્યનો વિષય આચરણનો છે. ઉપદેશ કે ભાષણ દ્વારા મૂલ્યો સ્થાપિત કરવાં મુશ્કેલ છે. બીજા શબ્દોમાં મૂલ્ય શિક્ષણ અનૌપચારિક છે. અને જીવન વ્યવહારલક્ષી છે. આ દૃષ્ટિએ ઘર, શાળા, મંદિર, ચર્ચ, અન્ય મંડળો, સામાજિક સંસ્થાઓ, વડીલો, શિક્ષકો, ધર્મગુરૂઓ, નેતાઓ વગેરેનાં આચરણ દ્વારા એવું પર્યાવરણ સર્જાવું જોઈએ કે જેમાં રહી વિદ્યાર્થી કે વ્યક્તિ, નૈતિકતા કે મૂલ્યોના પાઠ શીખી શકે.

**શાળા કક્ષાની પ્રવૃત્તિઓ :**

૧. વિવિધ વિષયોના એકમોમાં આવતાં મૂલ્યો શોધવાં અને બાળકોનાં ધ્યાનમાં લાવવાં.
૨. ચર્ચાસભા, નિબંધ, લેખન, વાર્તાકથન, વર્ણનો, અહેવાલો, સુવિચારો, અને ફકરાઓ દ્વારા મૂલ્ય શિક્ષણ આપવું.
૩. ઐતિહાસિક પ્રસંગો, એકાંકી પાત્રો, પ્રવાસ, પર્યટન, પ્રસંગોની ઉજવણી, પ્રદર્શનો, સહઅભ્યાસિક પ્રવૃત્તિનું આયોજન કરવું.
૪. જે તે સમયે શાળામાં સમાજમાં રાજ્યમાં રાષ્ટ્રમાં વિશ્વમાં બનતી મૂલ્ય આધારિત ઘટનાની સમીક્ષા ચર્ચા.
૫. ભૂતકાળની ઘટના, મહાપુરુષોનાં જીવનની ઘટનાનું વિશ્લેષણ કરાવી. તેમનાં વર્તન, પરિણામોની ચર્ચા, દા.ત. સરદાર પટેલનું વર્તન, ફરજ, વફાદારી, કર્તવ્યનિષ્ઠા.
૬. ગાંધીજીના જીવન પ્રસંગોની રજૂઆત કરી મૂલ્યો રજૂ કરવાં.
૭. બાળકનાં અનૌપચારિક વર્તન દ્વારા ઘર શાળા, મંદિર, ચર્ચ, અન્ય મંડળો દ્વારા એવું વાતાવરણ સર્જવું કે જેમાં રહી વ્યક્તિ મૂલ્યલક્ષી વર્તન તરાહો પ્રાપ્ત કરી શકે.
૮. ઉત્તમ પુસ્તકોનું વાંચન કરી પ્રાર્થના સંમેલનમાં રજૂઆત કરાવવી.
૯. શાળાકક્ષાએ આધ્યાત્મિક વાતાવરણ ઊભું કરવું. જેમાં આચાર્યો, શિક્ષકો અધ્યાત્મનિષ્ઠ બને.
૧૦. શાળાકક્ષાએ આધ્યાત્મિક વાતાવરણ ઊભું કરવું. જેમાં આચાર્યો, શિક્ષકો, અધ્યાત્મનિષ્ઠ બને.
૧૧. શાળામાં ધ્યાન તથા યોગની તાલીમ આપવી.
૧૨. મૂલ્યનિષ્ઠ વ્યક્તિઓનું સન્માન કરવું, કદર કરવી, શાબાશી આપવી.
૧૩. શાળામાં આત્મશુદ્ધિ અભિયાન ચલાવવું.
૧૪. દરરોજ એક તાસ મૂલ્ય શિક્ષણનો આપવો.
૧૫. બાળકોને આંતરમનની કેળવણી આપવી.
૧૬. દરેક ધોરણમાં વર્ષમાં ઓછામાં ઓછા બે મહાન

પુરુષોનાં જીવનચરિત્રો વહેંચવાથી અને વિદ્યાર્થી મુખપાઠ કરે, જેથી આદર્શો જીલાશે અને વ્યક્તિનું ઘડતર થશે.

૧૭. શાળામાં તમામ કર્મચારી વચ્ચે સંકલન હોય અને આ માટે સહિયારો પ્રયાસ કરે.

**મૂલ્યાંકન :**

મૂલ્યાંકન એ ગુણાત્મક બાબત છે. તેથી સાંખ્યિક દૃષ્ટિએ તેનું મૂલ્યાંકન અશક્ય છે. છતાં પણ નીચેના જેવી પ્રશ્નોત્તરી કરી અને મૂલ્યની દૃષ્ટિએ બાળક ક્યાં ઊભું છે. તેનો આછો ચિતાર મેળવી શકાય અને તેના જીવન વિષેનાં મૂલ્યોથી આપણે પરિચિત થઈ શકીએ.

૧. જેમાં નિર્ણય આપવો પડે તેવા પ્રશ્નો કે જે મૂલ્ય સ્પષ્ટ કરતાં હોય, દા.ત. એક વ્યક્તિ જરૂર નથી છતાં ઝાડ કાપે છે. તો તમે શું કરશો ? તમારો મિત્ર ગાળો બોલે છે, તો તમે શું કરશો ?
૨. મહાત્મા ગાંધી, રાજારામ મોહનરાય, સીતા, રાવણ, રામ, કૃષ્ણ, યુધિષ્ઠિર, લાલબહાદુર શાસ્ત્રી, દયાનંદ સરસ્વતી વગેરેનાં જીવનમાંથી શું શીખશો ?
૩. પર્યાવરણ, વસ્તી, ગરીબી, સ્વચ્છતા, કૌટુંબિક ભાવના, ધાર્મિકતા, વહેમો, રીતરિવાજો, માન્યતા, ગમા-અણગમા, સલામતી વગેરેનાં સંદર્ભમાં કેટલાક પ્રશ્નો પૂછવા, જેમાંથી વિદ્યાર્થી જીવનનો અર્ક બહાર તારવી આવતો હોય.
૪. વિદ્યાર્થી તર્ક કરે, ચર્ચા કરે, તારણ કાઢે, દલીલ કરે, પૃથક્કરણ કરે, વિચારે તેવા પ્રશ્નો પૂછવા.
દા.ત. સાચી શાંતિ કે સાચું સુખ શામાં ? માલ-મિલકત કે મૂલ્યનિષ્ઠ જીવનમાં શું સારું-ગુલામી કે આઝાદી ? શું બનશો - શ્રીમંત કે સેવક ?

સામાન્ય પ્રશ્નો, ખરાખોટાં વિધાનો, હકારાત્મક વિચારસરણીવાળા પ્રશ્નો.
દા.ત. મને આજના નેતાઓ ગમે છે કારણ કે તમને શું થવું ગમે ? વડાપ્રધાન કે શિક્ષક.
અમુક ચોક્કસ પરિસ્થિતિમાં મૂકતું વર્ણન કરી પછી આગળ લખવા માટે જણાવવું. વર્ષ દરમ્યાન અવલોકન કરવું, તક આપવી અને પછી નિરીક્ષણ કરીને મૂલ્યો ચકાસવાં.

**ઉપસંહાર :**

આમ, મૂલ્ય એ એવી વસ્તુ છે જેનો અનુભવ કરી શકાય, તે જોઈ શકાતું નથી. વળી, દેશકાળ અને પરિસ્થિતિ પ્રમાણે અમુક મૂલ્યો પણ પરિવર્તનશીલ છે. પરંતુ ખાસ કરીને ભારતીય સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને જો મૂલ્ય શિક્ષણ અપાશે તો મોટાભાગનાં આપણાં મૂલ્યને સમાવી શકીશું.

આપણે મૂલ્યનિષ્ઠા શિક્ષણમાં અપેક્ષિત જીવનમૂલ્યોની સમજ વિકસાવીએ. વર્તમાન અભ્યાસક્રમમાં મૂલ્યોને પ્રસ્થાપિત કરવા શિક્ષણકાર્યને પ્રયોગલક્ષી બનાવીએ, ઉદાત ચારિત્ર માટે કર્તવ્યનિષ્ઠા, પ્રામાણિકતા, સત્યપ્રેમ, પરિશ્રમ, સ્વાશ્રય, માનવપ્રેમ તથા રાષ્ટ્રપ્રેમ અને વિશ્વબંધુત્વની ભાવનાનો વિકાસ કરીએ.

મૂલ્ય શિક્ષણ દ્વારા વિદ્યાર્થી એટલું સમજી શકવો જોઈએ કે પોતાના માટે અને સમાજને માટે શ્રેયકર શું છે. ચાલો હું તમને આજે સહકાર અને પ્રેમનાં મૂલ્ય વિશે માહિતી આપું કે વાતો કરું. આમ સલાહ આપનાર શિક્ષક વર્ગમાંથી બહાર નીકળી તરત જ આચાર્ય કે અન્ય શિક્ષક મિત્રો સાથે ઝગડો કરશે તો તેના મૂલ્ય શિક્ષણની અસર શૂન્ય બની રહેશે.

અંતે ટૂંકમાં એટલું કહી શકાય કે શાળા કક્ષાએ મૂલ્ય શિક્ષણ આપવું જરૂરી છે. તેટલું જ શિક્ષકો, આચાર્યો, અને માતા-પિતાનું યોગદાન યોગ્ય વર્તન અને માર્ગદર્શન સ્વરૂપે જરૂરી છે.

# સંકલિત શિક્ષણ યોજના

IEDC શાખા પ્રવાસી શિક્ષકો
શુક્લા, શાહ, પટેલ,
ચૌધરી અને અઘારીયા

**૧. પ્રસ્તાવના :**

ભારતના બંધારણની કલમ-૪૫ અનુસાર ૧૪ વર્ષ સુધીનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવાનું રાજ્યે સ્વીકાર્યું છે. તે માટે આજ સુધી ઘણા પ્રયત્નો થયા છે અને સતત થઈ રહ્યા છે. આઝાદી બાદ પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધ્યો છે. શિક્ષણક્ષેત્રે થયેલી પ્રગતિ અને સુવિધાઓનો લાભ અલ્પ પ્રમાણમાં વિકલાંગ બાળકો સુધી પહોંચી શક્યો છે. જો કે સરકારી અને બિનસરકારી સંગઠનો દ્વારા આ ક્ષેત્રે સતત પ્રયત્નો થતા રહ્યા છે. પરંતુ કેટલીક ચોક્કસ પ્રકારની

મુશ્કેલીઓના કારણે વિકલાંગ બાળકોના શિક્ષણમાં અવરોધો/અંતરાયો ઊભા થયા છે. આ અંતરાયો દૂર કરી તેમને સરળતાથી શિક્ષણની તકો સાંપડે તે હેતુસર ૧૯૭૪માં "માનવ સંસાધન વિકાસ મંત્રાલય"ના સામાજિક વિભાગ દ્વારા "અપંગ બાળકો માટે સંકલિત શિક્ષણ યોજના"ની જાહેરાત કરવામાં આવી. તેનું અમલીકરણ ૧૯૮૨થી શિક્ષણ વિભાગને સોંપી દેવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્યમાં વિકલાંગ વ્યક્તિઓના શિક્ષણ અને પુનર્વસન ક્ષેત્રે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું. આ યોજનાની જોગવાઈ અનુસાર શિક્ષણ વિભાગ દ્વારા આઈ.ઈ.ડી.સી. સેલની ૧૯૯૨માં સ્થાપના કરવામાં આવી. જે તા. ૧-૯-૧૯૯૮થી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીમાંથી નિયામક, જી.સી.ઈ.આર.ટી. - કચેરીમાં તબદીલ થઈ છે.

**૨. હેતુઓ :**

- અધ્યેતા, સંકલિત શિક્ષણની સંકલ્પના સમજે.
- અધ્યેતા, સંકલિત શિક્ષણના હેતુઓ સમજે.
- અધ્યેતા, સંકલિત શિક્ષણના પાયાના સિદ્ધાંત જાણે.
- અધ્યેતા, - વિકલાંગધારો - ૧૯૯૫ની સમજ પ્રાપ્ત કરે.
- અધ્યેતા, આ યોજના હેઠળ વિકલાંગ બાળકોને મળતા લાભથી જ્ઞાત બને.
- અધ્યેતા, સંકલિત શિક્ષણમાં પ્રવાસી શિક્ષકની ભૂમિકા સમજે.
- અધ્યેતા, વિકલાંગ બાળકો સાથે વ્યવહાર કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો સમજે - ઉપયોગમાં લે.
- સંકલીત સેલની ભૂમિકા સમજે.
- સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા સમજે.

**૩. વિષયવસ્તુ નિરૂપણ :**

(અ) સંકલ્પના : સામાન્ય રીતે સમાજમાં એવું વલણ પ્રવર્તે છે કે વિકલાંગ અને તેમાંય ખાસ કરીને - દૃષ્ટિહીન, મૂકબધિર, માનસિક ક્ષતિવાળાં બાળકોને વિશિષ્ટ શાળાઓમાં જ ભણાવી શકાય. જો આ સામાન્ય ગણાતી બાબત ઉપર ગંભીરતાથી વિચાર કરવામાં આવે તો, આવાં બાળકો માટે વિશિષ્ટ શાળા, વિશિષ્ટ શિક્ષક, વિશિષ્ટ સગવડો, વિશિષ્ટ સમાજ, વિશિષ્ટ હોસ્ટેલ એમ બધું જ વિશિષ્ટ પ્રકારનું પૂરું પાડી શિક્ષણ આપીશું. પરંતુ શિક્ષણના તબક્કાના અંતે તેણે પોતાના ઘર, સમાજમાં વસવાટ કરવાનું થાય ત્યારે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. આથી અત્યંત ગહન વિચારણાના અંતે આ યોજનાનું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું છે.

સંકલિત શિક્ષણ એટલે વિકલાંગ બાળકો પોતાના ઘરમાં - ગામમાં માતા-પિતા, ભાઈ-ભાંડુઓની સાથે જ રહી, પોતાના જ ગામ-વિસ્તારની સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે શિક્ષણ પ્રાપ્ત કરે તેવી - યોજના - વ્યવસ્થા.

સંકલન એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા વિકલાંગ બાળકોની સામાન્ય શાળાઓમાં શૈક્ષણિક તેમજ સમાજજીવનને લગતી દરેક પ્રવૃત્તિઓમાં ભાગીદારી વધારવામાં આવે છે. અર્થાત્ સામાન્ય શાળામાં જ અપંગતા ધરાવતાં બાળકો પણ શિક્ષણ લે, સમાજમાં તેમનો સ્વીકાર થાય અને શાળા તથા સમાજની દરેક પ્રવૃત્તિમાં તેમની ભાગીદારી હોય. આમ સંકલિત શિક્ષણ એટલે...

- શાળાકીય પ્રવૃત્તિઓમાં ભળી તેનો એક સામાન્ય ભાગ બનવું.
- વિકલાંગ અને સામાન્ય બાળકો વચ્ચેના તફાવતો શોધવા કરતાં સમાનતાઓ શોધવી.
- વિભિન્નતા ધરાવતાં બાળકોનો સ્વીકાર
- સમવયસ્ક જૂથના સહાધ્યાયીઓ સાથે સામાન્ય અનુભવ પૂરા પાડવા.
- સામાન્ય બાળકો સાથે અનુકૂલન.
- બધાં માટે સરખો અભિગમ.
- વિકલાંગ બાળકોને તેમની વિકલાંગતા સાથે સમાજમાં - સામાન્ય રીતે જીવવા માટેની તક આપવી.
- શિક્ષકે વર્ગખંડમાં વિકલાંગ બાળકોની વિકલાંગતા ઉપર ધ્યાન કેન્દ્રીત થાય તેવા બિનજરૂરી શબ્દોનો ઉપયોગ ન કરવો.

(બ) સંકલિત શિક્ષણના હેતુઓ : સંકલિત શિક્ષણએ વિકલાંગોના શિક્ષણપુનર્વસન માટે ચાવીરૂપ યોજના હોઈ ખૂબ જ ચોક્કસ પ્રકારના હેતુઓ નક્કી કરી તેનું સ્વરૂપ ઘડવામાં આવ્યું છે. તેના હેતુઓ નીચે મુજબ છે.

- ભારતની મોટાભાગની વસ્તી ગ્રામ્ય વિસ્તારોમાં વસતી હોવાથી સંકલિત શિક્ષણ દ્વારા વિકલાંગ બાળકોને શિક્ષણ પૂરું પાડી મફત-ફરજિયાત સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણનું ધ્યેય પાર પાડી શકાય.

- વિકલાંગ બાળકોનું સામાજિકરણ અને સામાજિક અનુકૂલન સુદૃઢ થઈ શકે.
- ઓછા ખર્ચે શિક્ષણનો વ્યાપ વધારવો.
- વિકલાંગ બાળકોને વિકાસની સમાન તક પૂરી પાડવી.
- સરકારશ્રીની અનુદાન સહાયનો વિકલાંગ બાળકોને વધુમાં વધુ લાભ મળે તે જોવું.
- સામાન્ય બાળકો સાથેના અનુભવોને પરિણામે વિકલાંગોની અલગપણાની - લઘુતાગ્રંથિની ભાવના દૂર કરવી.
- વિકલાંગ બાળકોની ઓળખ કરી તેમને જે તે વિસ્તારની સામાન્ય શાળામાં દાખલ કરવા.
- વિકલાંગ બાળકોને સામાન્ય શાળામાં પ્રવેશ અપાવ્યા બાદ તેઓનું સ્થાયીકરણ થાય તે માટે ખાસ સહાયક વિશિષ્ટ શિક્ષકની સેવા પૂરી પાડવી.
- શિક્ષકોને નવસંસ્કરણ તાલીમ આપવી.
- સંસ્થાઓનું મોનિટરીંગ કરવું.

(ક) પાયાના સિદ્ધાંતો : આ યોજના કેટલાક ચોક્કસ સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી છે. જે નીચે પ્રમાણે છે.

(૧) સમાન તક : સંકલિત શિક્ષણની યોજનાના સંદર્ભમાં વિકલાંગ વ્યક્તિઓને તેમની વિકલાંગતા ઉપરાંત ધર્મ, અર્થ, વર્ણ કે લિંગના અંતરાયો હોવા છતાં સૌની જેમ બને તેટલી શિક્ષણની સગવડો પ્રાપ્ત કરી પોતાનો - શૈક્ષણિક વિકાસ કરી શકે તે સમાન શૈક્ષણિક તક આવાં બાળકોમાં રહેલી વિશિષ્ટ શક્તિઓનો વિકાસ કરી તેઓ સ્વમાનભેર જીવી શકે તે હેતુસર તેમને શિક્ષણની સમાન તક મળે એ સંકલિત શિક્ષણનો પાયાનો સિદ્ધાંત છે.

(૨) અધિકારોનું રક્ષણ : વિકલાંગ વ્યક્તિઓને સમાન અધિકાર આપવા માટે ૧૯૯૫માં ભારત સરકાર દ્વારા એક એક્ટ બહાર પાડવામાં આવ્યો જેમ. ''પર્સન્સ વીથ ડિસ એબીલીટીઝ એક્ટ (PWD ACT) ના નામે ઓળખાય છે. ૭મી ફેબ્રુઆરી ૧૯૯૬થી આ એક્ટ અમલમાં મૂકાયો છે. ૧૮ વર્ષની વયમર્યાદામાં વિકલાંગ બાળકો શાળા પ્રવેશ મેળવી શકે તે અંગેની જવાબદારી જે તે કેન્દ્ર, રાજ્ય અને સ્થાકિ મંડળોની છે તેવો નિર્દેશ આ એક્ટમાં સ્પષ્ટપણે કરવામાં આવ્યો છે. ઉપરાંત મૂળભૂત હક્કો, શિક્ષણ, રોજગાર, સામાજિક સલામતી વગેરે અધિકારોનું રક્ષણ કરવામાં છે.

(૩) પૂર્ણ ભાગીદારી : વિકલાંગ બાળકો સામાન્ય શાળામાં સામાન્ય બાળકો સાથે વર્ગશિક્ષણની પ્રવૃત્તિમાં ભાગ લઈ પૂર્ણ ભાગીદારી નોંધાવે તે રીતે શિક્ષણ પ્રક્રિયાનું આયોજન કરવાની વાત સંકલિત શિક્ષણમાં કરવામાં આવી છે.

(ડ) વિકલાંગ ધારો : ૧૯૯૫ : વિકલાંગ ધારાના વિવિધ પ્રકરણો પૈકી 'શિક્ષણ' - પ્રકરણમાં તેમના માટે ખાસ જોગવાઈઓ કરી છે, જે નીચે મુજબ છે.

-સામાન્ય શાળામાં વિકલાંગ બાળકોને ૧૮ વર્ષની ઉંમર સુધી દાખલ કરવા અંગે પરિપત્ર.

-વિકલાંગ વિદ્યાર્થીઓને શાળા-પ્રવેશ મેળવવામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા અંગે પરિપત્ર.

-વિકલાંગ બાળકો માટે પ્રવેશમાં ૩ ટકા બેઠકો અનામત રાખવા અંગે પરિપત્ર.

-સામાન્ય પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિકલાંગ બાળકોને તેમની પરીક્ષામાં વિશેષ સવલતો આપવા અંગે પરિપત્ર.

-વિકલાંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજના હેઠળના વિશિષ્ટ શિક્ષકની લાયકાતનું ધોરણ સુધારવા બાબત.

**(ઈ) સંકલિત યોજના અંતર્ગત વિકલાંગ બાળકોને મળતા લાભો :**

- વિકલાંગતા અનુસારની તાલીમ મેળવેલ ૧:૧૦ના રેશિયામાં સહાયક વિશિષ્ટ શિક્ષકની સુવિધા.
- પુસ્તકો - અને સ્ટેશનરીના દરેક વિદ્યાર્થી દીઠ, રૂ. ૪૦૦/-
- યુનિફોર્મ - પ્રત્યેક વિદ્યાર્થી દીઠ, રૂ. ૨૦૦-૦૦
- સાધન સામગ્રી વિદ્યાર્થી દીઠ રૂ. ૪૦૦/- પ્રતિ વર્ષ અથવા પાંચ વર્ષ માટે એક સાથે રૂ. ૨,૦૦૦/-
- રીડર - એલાઉન્સ - દષ્ટિહીન બાળક માટે રૂ. ૫૦/-
- રિસોર્સ રૂમ - એક રિસોર્સ રૂમ રૂ. ૩૦,૦૦૦/-
- બાળકોના સર્વે તથા મેડિકલ સર્ટિ. માટે એક વિદ્યાર્થી દીઠ, રૂ. ૧૫૦/--
- ઈન્સ્ટ્રક્શન મટીરિયલ - રૂ. ૫,૦૦૦/- સુધી.
- હોસ્ટેલ ચાર્જ (માસિક) વિદ્યાર્થી દીઠ, રૂ. ૩૫૦/-
- ગંભીર વિકલાંગતા ધરાવતા બાળક માટે એસ્કોર્ટ એલાઉન્સ વિદ્યાર્થીદીઠ, રૂ. ૭૫/-

- શિક્ષકોનો પગાર-તાલીમી શિક્ષકો માટે રૂ. ૪૦૦૦-૬૦૦૦.

**આઈ.ઈ.ડી.સી. સેલની ભૂમિકા :**

- નોડેલ એજન્સી તરીકેની ભૂમિકા અદા કરવી.
- વિકલાંગતા ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓને સંકલીતનું કામ સોંપવું.
- ભારત સરકાર અને ગુજરાત સરકાર વતી નાણાંકીય વહીવટ કરવો અને જ્યારે જરૂર હોય ત્યારે માહિતી પૂરી પાડવી.
- સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી યોગ્ય નમૂનામાં દરખાસ્તો મંગાવવી.
- સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી મંગાવેલ દરખાસ્તોનું સંકલન કરીને ભારત સરકારને દરખાસ્ત કરવી.
- સ્વૈચ્છિક સંસ્થાઓને શૈક્ષણિક અને વહીવટી માર્ગદર્શન આપવું. તે માટે વિક્લાંગ બાળકોના શિક્ષણ માટે પ્રવાસી શિક્ષકોની ભરતી માટે () અને બહાલીનું કામ કરવું.
- સ્વૈચ્છિક સંસ્થાઓને ગ્રાંટ ફાળવણી કરવી.
- રિસોર્સરૂમ બનાવવા માટે માર્ગદર્શન આપવું.
- ડાયેટ અને સેલ સયુક્ત રીતે સ્વૈચ્છિક સંસ્થાઓને કામ કરવા માટે પ્રેરણા આપવી અને માર્ગદર્શન તથા મોનીટરીંગ કરવું.
- યોજના સાથે જોડાયેલા સેલના કર્મચારીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રવાસી શિક્ષકો માટે તાલીમની વ્યવસ્થા ગોઠવવી.

**વિક્લાંગ બાળકો માટે વર્ગશિક્ષકશ્રીની ભૂમિકા**

<u>મંદ બુદ્ધિ :</u>

- આ બાળક પ્રથમ છે, તે રીતે તેનો સ્વીકાર કરો.
- આ બાળકો શીખી શકે છે, પણ તેમની શીખવાની ગતિ ધીમી હોય છે. તેથી બાળકને સ્પષ્ટ ખ્યાલ આપી સમજવો.
- આ બાળક પુનરાવર્તનથી વધુ સારી રીતે શીખી શકે છે, તે હકીકત ધ્યાનમાં રાખવી.
- સૂચના સરળ ભાષામાં એક પછી એક આપવી.
- આ બાળકોને વિશિષ્ટ સાધનોની જરૂરી હોય તે ઉપલબ્ધ કરાવવા.
- અન્ય બાળકો સ્વીકારે તથા મદદ કરે તેવું વાતાવરણ સ્થાપવું.
- વાલીને તેની શીખવાની ક્ષમતા સંબંધિત પ્રોત્સાહન.
- હિંમત ન હારતા આશાવાદી વલણ.
- અસંદિગ્ધ વાક્યોનો ઉપયોગ ન કરવો.
- વ્યવહારૂ તાલીમનો વધુ ઉપયોગ કરવો.
- બાળક પાસે સમકક્ષ જેવી અપેક્ષા ન રાખવી
- આ બાળકની ક્ષમતા તથા અક્ષમતાને ધ્યાનમાં રાખવી.
- બાળકને અભિવ્યક્તિની તક આપવી.
- આ બાળકને દરેક પ્રવૃત્તિમાં ભાગ લેવડાવવો.
- શિખવા માટે થોડો વધુ સમય આપવો.

સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા : વિક્લાંગ બાળકોના પુનર્વસન અને સામાન્ય શાળામાં દાખલ કરવામાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા સરકાર અને લોકસહયોગથી આ બાળકોના સામાજિક, શૈક્ષણિક અને માનસિક વિકાસ કરવામાં અગત્યની ભૂમિકા છે. જે નીચે મુજબ અદા કરી શકો.

૧. નક્કી કરેલા વિસ્તારમાં વિક્લાંગ બાળકોને શોધવાનું કામ કરવું. (સર્વે કરવો.)
૨. સર્વે કરેલ બાળકોને સૌ પ્રથમ જે તે વિસ્તારની શાળાઓમાં દાખલ કરાવવા.
૩. વિક્લાંગ બાળકોના મેડીકલ કેમ્પ કરીને વિક્લાંગતા ચકાસણી કરીને સર્ટીફીકેટ કઢાવવા.
૪. વિક્લાંગ બાળકોને યોજના તરફથી મળતાં તમામ લાભો પહોંચાડવા.
૫. વિક્લાંગ બાળકો માટે જરૂરી સાહિત્ય તૈયાર કરવું અને પહોંચાડવું.
૬. શૈક્ષણિક સપોર્ટ માટે પ્રવાસી શિક્ષકો પૂરા પાડવા.
૭. વિક્લાંગ બાળકોને શીખવવામાં સરળતા રહે તેવા T.L.M. કરાવવા અને તેનો ઉપયોગ શિક્ષકો દ્વારા કરાવવો.
૮. પ્રવાસી શિક્ષકોને સમય આંતરે વિવિધ પ્રકારની તાલીમ આપી સજ્જ કરવા અને તાલીમમાં મોકલવા.
૯. વાલી સંમેલન કરવું અને બાળકો, વાલીઓ, પ્રવાસી શિક્ષકો સાથે સંકલન કરવું.
૧૦. વિક્લાંગ બાળકોનો માનસિક વિકાસ કરવા માટે વેકેશન વર્કશોપ ગોઠવવા.
૧૧. શિક્ષકો માટે સેમિનાર ગોઠવવા.
૧૨. વિક્લાંગતાને લગતાં યોગ્ય સ્રોત શોધવા.

૧૩. સરકાર તરફથી મળતાં લાભો બાળકો સુધી પહોંચાડવા.
૧૪. આઈ.ઈ.ડી.સી.સેલ, જી.સી.ઈ.આર.ટી. અન્ય સંસ્થાઓ સાથે સંકલન કરવું.
૧૫. સંસ્થાએ વહીવટી હિસાબો રાખવા અને જાળવવા.
૧૬. સેલ અને સરકારને વહીવટ માટે જરૂરી માહિતીનું સંકલન કરવું અને પહોંચાડવી.
૧૭. પ્રવાસી શિક્ષકોની ભરતીની તમામ પ્રક્રિયા કરવી અને તેનું ટાઈમ ટેબલ બનાવવું.
૧૮. શિક્ષકોના ફીલ્ડનું મોનીટરીંગ અને માર્ગદર્શન આપવું.
૧૯. વિક્લાંગના ક્ષેત્રે શિક્ષકો દ્વારા સંશોધન કરાવવું.
૨૦. વિક્લાંગ બાળકો માટે બ્લોક લેવલ પર કેટેગરી વાઈઝ અલગ-અલગ રિસોર્સરૂમ તૈયાર કરવા.

(ઈ) પ્રવાસી શિક્ષકની ભૂમિકા : સંકલિત શિક્ષણ યોજનાના અમલીકરણમાં પ્રવાસી શિક્ષકની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. જેમાં ૮ થી ૧૦ બાળકોને વિશિષ્ટ તાલીમ પામેલા વિશિષ્ટ પ્રવાસી શિક્ષક જુદા જુદા ગામની જુદી જુદી શાળાઓના બાળકોની અઠવાડિયામાં એક દિવસ મુલાકાત લઈને નીચે મુજબની વિશિષ્ટ સહાયક સેવાઓ પૂરી પાડે છે.

- વિક્લાંગ બાળકોની શોધ અને નોંધણી
- સામાન્ય શાળાઓમાં પ્રવેશ અપાવવો.
- વિક્લાંગ બાળકોના માતા-પિતાને માર્ગદર્શન
- વર્ગ શિક્ષક, આચાર્ય અને સહાધ્યાયીઓને જરૂરી માર્ગદર્શન, પ્રેરણા અને સલાહ સૂચનો પૂરાં પાડવા.
- જ્ઞાનેન્દ્રિયોની ઓળખ, મહત્ત્વ અને શૈક્ષણિક કાર્યમાં તેનો મહત્તમ ઉપયોગ.
- જે તે બાળકને તેની દૈનિક દિનચર્યાનું શિક્ષણ આપવું.
- બ્રેઈલ, ઓરિએન્ટેશન - મોબિલીટી - સાઈન લેંગ્વેજ લીપરિડીંગ, પ્રત્યાયન કૌશલ્ય - જેવી ક્ષમતાઓનો વિકાસ કરવો.
- વિશિષ્ટ શૈક્ષણિક સાધન સામગ્રીની ઓળખ કરાવવી તથા તેનો ઉપયોગ કરતાં શીખવવો.
- સહઅભ્યાસક્રમ તથા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું શિક્ષણ આપવું.
- સમાજમાં સામાજિક વલણોમાં પરિવર્તન આણવું.

ઉ. વિક્લાંગ બાળકો સાથેનો વ્યવહાર : વિક્લાંગ બાળકો સાથે વ્યવહાર કરતાં નીચેની બાબતો ખાસ લક્ષમાં રાખવી.

- વિક્લાંગ બાળકો સાથે પ્રેમ અને હૂંફથી વર્તવું.
- આવાં બાળકોને પ્રેરણા અને માર્ગદર્શન પૂરાં પાડવાં.
- તેનામાં આત્મવિશ્વાસ, શ્રદ્ધા, અને હિંમત વધે તેવા પ્રયત્નો કરવા.
- તેની સરખામણી અન્ય બાળકો સાથે ન કરવી.
- આવાં બાળકોમાં લઘુતાગ્રંથિ ન જન્મે તેની ખાસ કાળજી રાખવી.
- વિક્લાંગ બાળકોના પ્રયત્નોને પ્રોત્સાહન આપવું.
- આ બાળકોને વર્ગની પ્રથમ હરોળમાં બેસાડવાં.
- વર્ગનાં અન્ય બાળકો તેને હેરાન ન કરે તેવી કાળજી રાખવી.
- આવાં બાળકોને વર્ગનાં અન્ય બાળકોની જુદા ન ગણવાની તકેદારી રાખવી.
- આવાં બાળકો પ્રત્યે માનવીય વ્યવહાર રાખવો.
- વિક્લાંગ બાલકોને વિનમ્રતા અને શિષ્ટાચારથી બોલાવવાં.
- આ બાળકોને તેમના નામથી જ બોલાવવાં.
- આ બાળકોની સવિશેષ કાળજી લેવી.
- આ બાળકોની ઉપેક્ષા, અપમાન કે અવગણના કરવી નહીં.
- તેને દયા કે સહાનુભૂતિ નહીં, પણ સ્વીકૃતિની જરૂરિયાત છે.
- આ વિદ્યાર્થીઓ સાથે સામાન્ય બાળકો જેવો જ વ્યવહાર કરવો.
- વિક્લાંગ બાળકોને બોજારૂપ ન ગણવાં.
- આવાં બાળકોને સહજતાથી સ્વીકાર કરવો.
- આ બાળકો તરફ અણગમો ન કરવો.
- સમજાવટથી અને ધીરજથી કામ લેવું.
- આ બાળકો સાથે આત્મીય સંબંધો કેળવવા.
- આવા બાળકો પર ગુસ્સે ન થવું.
- આ બાળકો અસહાય, બિચારાં નથી, પરંતુ તેમને માતા-પિતા, શિક્ષકો, કુટુંબ, બાળકો અને સમાજની સ્વીકૃતિની અને રચનાત્મક દૃષ્ટિકોણની જરૂર છે.
- આ બાળકોને પ્રેરણા, હૂંફ, પ્રેમ, માર્ગદર્શન અને સમાજની સ્વીકૃતિની જરૂર છે.

**૪. પ્રવૃત્તિઓ :**

- સંકલિત શિક્ષણ યોજના ચલાવતી નજીકની સ્વૈચ્છિક સંસ્થાની મુલાકાત લઈ અહેવાલ લેખન કરાવવું.
- સફળ વિકલાંગ વ્યક્તિઓની યાદી બનાવવી.
- વિકલાંગ - દિનની ઉજવણીનું આયોજન કરાવવું.
- વિકલાંગ બાળકોના મેડિકલ-સર્ટિ માટે કેમ્પનું આયોજન કરાવવું.
- ''વિકલાંગતા અભિશાપ નથી'' વિષય ઉપર ચર્ચા સભાનું આયોજન કરાવવું.

**૫. ક્ષેત્રકાર્ય :**

- તમારા વિસ્તારનાં વિકલાંગ બાળકની વ્યક્તિગત મુલાકાત લઈ વ્યક્તિ-અભ્યાસ કરો.
- સંકલિત શિક્ષણ યોજના હેઠળ આવરી લીધેલાં બાળકોની મુલાકાત લઈ, તેમને મળેલા લાભો-સહાયનું સર્વેક્ષણ કરો.
- સફળ - વિકલાંગ વ્યક્તિનાં જીવન ચરિત્રનું વાંચન કરી, હસ્તલિખિત અંક તૈયાર કરો.

**૬. મૂલ્યાંકન :**

- સંકલિત શિક્ષણની સંકલ્પના સ્પષ્ટ કરી તે અંતર્ગત મળતા લાભોની યાદી તૈયાર કરો.
- વિકલાંગ વ્યક્તિના શિક્ષણ માટે વિકલાંગ ધારો-૧૯૯૫ની મહત્તા સ્પષ્ટ કરો.
- વિકલાંગ બાળકો સાથે વ્યવહાર કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

**ચર્ચાપત્ર :**

૧. વિકલાંગતા એ પુનર્જન્મના પાપનું ફળ છે. સહમત / અસહમત / અંશતઃ સહમત / શા માટે ?

૨. વિકલાંગ બાળકોને વિશિષ્ટ શાળામાં જ ભણાવી શકાય. સામાન્ય શાળાથી તેમને દૂર રાખવાં જોઈએ. સહમત / અસહમત / અંશતઃ સહમત / શા માટે ?

૩. વિકલાંગ બાળકોને દયા કે સહાનુભૂતિની નહિ, પરંતુ સ્વીકૃતિની જરૂરિયાત છે. સહમત / અસહમત / અંશતઃ સહમત / શા માટે ?

૪. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણનું ધ્યેયપૂર્ણ કરવામાં સંકલિત શિક્ષણ યોજના આશીર્વાદરૂપ. સહમત / અસહમત / અંશતઃ સહમત / શા માટે ?

૫. પ્રવાસી શિક્ષક અને સામાન્ય શિક્ષક એ સંકલિત શિક્ષણ યોજનાની સફળતા માટેના સેતુ છે. સહમત / અસહમત / અંશતઃ સહમત / શા માટે ?

૬. વિકલાંગ બાળકની ઉપસ્થિતિ વર્ગખંડમાં બાધારૂપ બને છે. સહમત / અસહમત / અંશતઃ સહમત / શા માટે ?

૭. વિકલાંગ ધારો, ૧૯૯૫ એ વિકલાંગ વ્યક્તિઓના શિક્ષણ અને પુનર્વસન માટે મજબૂત પૃષ્ઠભૂમિ પૂરી પાડે છે.
સહમત / અસહમત / અંશતઃ સહમત / શા માટે ?

**પ્રવૃત્તિઓ :**

૧. શાળાના આચાર્ય દ્વારા પ્રવેશોત્સવમાં વિકલાંગ બાળકોને આગવું મહત્ત્વ મળે તેનું આયોજન કરવું.

૨. વિકલાંગ વ્યક્તિઓના શિક્ષણ અને પુનર્વસન ક્ષેત્ર કાર્ય કરતી નજીકની સંસ્થાની મુલાકાતનું આયોજન કરવું.

૩. સફળ વિકલાંગ વ્યક્તિને શાળામાં આમંત્રિત કરી, વાર્તાલાપનું આયોજન કરવું.

૪. જિલ્લા સમાજકલ્યાણ અધિકારી અને ગ્રામ સમુદાય વચ્ચે વિકલાંગતાની જાગૃતિ અને લાભાલાભ અંગે ચર્ચા ગોઠવવી.

૫. વિકલાંગ બાળકોને સરકારશ્રી તરફથી મળતી સહાય અંગે આચાર્યએ પોતે વાકેફ થઈ પ્રચાર-પ્રસાર કરવો જોઈએ.

૬. આચાર્યશ્રીએ વિકલાંગ બાળકોના કલ્યાણ માટે સ્થાનિક રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ કાર્ય કરતી સંસ્થાઓથી વિદિત થઈ યોગ્ય માર્ગદર્શન મળે તે પ્રકારે આયોજન કરવું.

૭. શાળાની વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિકલાંગ બાળકોને સહભાગિતા પ્રાપ્ત થાય તેવું આયોજન કરવું.

૮. વિકલાંગદિનની ઉજવણી કરવી.

**સંદર્ભ સાહિત્ય :**


સંકલિત શિક્ષણ યોજના : રૂપરેખા અને માર્ગદર્શન - આઈ.ઈ.ડી.સી.સેલ, જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગર.

સંકલિત શિક્ષણ યોજના : મોડ્યુલ આઈ.ઈ.ડી.સી. સેલ - ગાંધીનગર.

રમેશ એમ. પટેલ
(ડેરોલ)

## લેખિત અભિવ્યક્તિ-ખીલવણી
(સાહિત્ય મંડળમાં વાર્તાલાપ)

અભિવ્યક્તિ એક શક્તિ છે. કળા પણ છે.

પછીએ લેખિત હોયકે મૌખિક. બન્ને અભિવ્યક્તિઓના સ્પર્શ વિનાનું માનવીનું જીવન કેવું હશે ? કલ્પનાજ ખોટી લાગે ! ભાષાઓનું / અભિવ્યક્તિઓનું માણવું એ એક નિજાનંદ છે.

તમે સુંદર બોલ્યા ! તમે સુંદર લખ્યું ! એવુ આપણા કાને સાંભળીએ ત્યારે તેમાં એવું શું હતું ? જેથી ઠીક લાગ્યુ ?

તો મિત્રો અભિવ્યક્તિ એક કળા છે.

આપણા ભાવોને શબ્દ દેહ આપી ઘરેણું બનાવાય. ઉછળતી ઉર્મિઓને અક્ષરદેહ આપી ધારેલી ટોચ સાધવી એ પણ એક કળા છે.

સુંદર લાગણીઓ, ઉચ્ચ ભાવનાઓ, મીઠાં સ્પંદનોનો દરેક વ્યક્તિને અનુભૂતિ છે. ક્યારેક કોઈકને જે આવું સર્જન સુલભ છે. સજાગ રહી પ્રયત્ન કરાયતો ક્યારેક કેળવાય કહ્યું છે, અક્ષર દેહ સાહિત્યીક બને તેને સાહિત્ય સર્જન કહ્યું છે. "લખતા લહિયો થાય."

આપણી પ્રતિભાની છાપ ઉપસાવવી છે ? તો આપણું લખાણ (લેખિત અભિવ્યક્તિ) આપણી પ્રતિભાની છાપ ઉપસાવનારુ અતિ શક્તિશાળી સાધન છે.

આપણે પ્રયત્ન કરીએતો લેખકના બની શકીએ પણ આપણું વિચારેલું યોગ્ય રીતે, ક્રમિકતાથી, જરૂરી લાઘવમાં, વાસ્તવિક, રૂચિકર રજુ કરતા થઈ જઈએ. તો પણ સંતોષ ! શું શું કરી શકાય ?

- ૧. કક્ષાનુંસાર યોગ્ય પુસ્તકોનું અધ્યયન : (વાંચન નહિ)
  સુંદર વિચારો, ઉપમાઓ, અલંકારો, શબ્દ પ્રયોગો, નવિન શબ્દો, પ્રસંગોની રજૂઆત હોય તેની નોંધ લો. નિવડેલા લેખકને પસંદ કરો.
- ૨. ભાષાન્તર : અનુવાદ કરવાની ટેવ પાડો. વિવિધ ભાષાઓ પસંદ કરો.
  નવા શબ્દો મળશે. ભાષા પર કાબુ આવશે. મૂળ વિચારોથી દૂર ન જવાય તેની કાળજી લો.
- ૩. શબ્દ પ્રયોગો માટે સજાગ રહો : આ દોષો દૂર કરવા વિશાળ વાંચન રામબાણ નિવડે. તેનાથી અર્થભેદ આત્મસાધ થાય. અભિવ્યક્તિ ધેરી બને.
- ૪. શબ્દ ભંડોળ વધારો : શૈલીની ધારા શબ્દ ભંડોળ વિના ન આવે. 'લાવણ્ય'ની ખોટ વર્તાય. 'સરળતા' અને 'લાઘવ' માટે શબ્દ ભંડોળ અનિવાર્ય બને.
- ૫. આકર્ષક રજૂઆત : પહેલી છાપ ચિરંજીવી હોય ! તેથી રજૂઆત સુંદર, આકર્ષક, હૃદય સ્પર્શી હોય મહાવરાથી આવે.
- ૬. વિરામ ચિહ્નો : આની અનિર્વાયતા ઓછી થતી ચાલી છે. પણ વિરામ ચિહ્નો વિચારોની પરસ્પર ઊંડી સમજ સરળતાથી આત્મ સાધ કરાવે છે. આપણા સંશયોનું નિવારણ કદાચ તેના ઉપયોગથી થાય.
- ૭. પુનરોક્તિ દષ : આપણી રજૂઆત શક્તિની ઉણપને છતી કરનારો દોષ. વિચારાય પછી લખાય નહિ તો કર્કસતા વર્તાય. પરંતુ, એટલે, પછી, વળી, વધુમાં, સમજ્યા કે આનાથી રજૂઆત કર્કશ લાગે. સભાનતાથી દૂર થાય.

● ૮. મહાવરો : આપણી રજૂઆતની ખિલવણીની ચાવી રૂપ ભૂમિકા મહાવરામાં છૂપાયેલી છે. પરફેક્ટ થવું છે, પ્રેક્ટીશ કરો.

વિષય પરત્વે- વધુ ચેતન વધુ આગ્રહી વધુ રસજ્ઞ બનીએ અને એ રીતે મહાવરો લેતા થઈએ

❒ આપણી આસપાસના પર્યાવરણથી વર્ણનાત્મક લેખિત અભિવ્યક્તિ
❒ પોતાના વ્યક્તિત્ત્વને બાજુએ રાખી વિશિષ્ટ વ્યક્તિત્વનું આપણામાં આરોપણ કરી તેને માટેની કાલ્પનિક અભિવ્યક્તિનો મહાવરો લો. (હું વૈજ્ઞાનિક હોઉ તો ?)
❒ રોજનીશી કે નોંધ-લખવાની ટેવ પાડો. અનુભવશો, મોટો ચેન્જ આવશે ! (હું લેખક નહિ, પણ સારા લેખો આ સુટેવથી લખતો થયો, છપાય છે.)
❒ પત્રમિત્રો : વિવિધ ક્ષેત્રના, વિવિધ કક્ષાના, જાહેર કે ખાનગી, પત્રો લખો તેનાથી વિચારોની ગુંથણી અને મર્મભેદી રજૂઆતો આવશે.
❒ ક્યારેક આપણી સમજપૂર્વકની અસરકારક લેખિત રજૂઆત અક્ષીર ઔષધ બની જાય, સમાધાન આપેકે કોયડા ઉકેલે તેવું બને તે લેખિત રજૂઆતની શક્તિ !
❒ વિષયને અનુરૂપ લેખન લખો :
❒ શૈલીમાં વૈવિધ્ય લાવવા પ્રયત્ન કરો. અનુભવે આવે. વિષયોમાં વિવિધતા લાવો ભાવવાહી, ક્યારેક ગંભીર કે હળવી, ક્યારેક ચિંતન-મનન, ક્યારેક વાસ્તવિકતા, પ્રસંગ વર્ણન, કટાક્ષમાં કલમ કાતર બને, હાસ્યમાં ખૂબજ હળવી શૈલી.
❒ અભ્યાસી રહો. બસ.

રમેશ એમ. પટેલ
(ડેરોલ)

## અક્ષરો

કંઈક લખતા રહેવું એવું લાગ્યા કરે તેમાંથી આજે
અક્ષરો ઉપર ચિંતન ચાલ્યું.

આમેય સુવાચ્ય / સારા અક્ષરો માટે મને રુચી રહી છે. ગમે પણ છે. લખુ પણ છું છતાં નબળા અક્ષરો મને કઠે છે. બાળકોના પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય વખતે સૌ પહેલાં તેમના તરફ મારું ધ્યાન તેમના સારા, નરસા, ઘડાયેલા નબળા અક્ષરોએ કાયમ ખેંચ્યું છે. મને આ ઉણપ સાલી છે તેમાંથી ચિંતન ચાલ્યા કર્યું છે ને અનુભવેલું કોઈકનું ભાથું બને તો ઠીક એ ભાવ માત્ર છે. વર્ગમાં આપણાથી ભણાવાય છે.

બોર્ડ પર લખાય છે. ગૃહકાર્ય જોવાય છે. લેખનો થાય છે. તે તપાસાય છે. સૂચનાઓ અપાય છે.

વિદ્યાર્થી જાય છે (શાળા છોડીને.....પુરું ભણતર !)

આપણે નિવૃત્ત થઈએ છીએ. આ બધામાં ક્યાંય 'અક્ષરો' આવે છે ? મારો આ વિષય છે.

પાકે ઘડે કાંઠાં ન ચઢે' - અરે ભાઈ આપણી પાસે તો કચીયારો છે. (કાચોમાલ) પાકોતો આપણે કરવાનો છે. આપણામાંથી કોઈકની પાસેથી કાચો ન રહી જાય તેની અપેક્ષા ન રખાય ? તેથી ગાંધીજીએ કહ્યું ''નઠારા અક્ષર એ અધુરી કેળવણી છે.'' એમાં કેળવણીનું એક અંગ અક્ષરો છે તે અભિપ્રેત છે.

સમગ્ર શિક્ષણ કાર્યમાં, કોઈ પણ વિષય અને વિષય શિક્ષણ આના દુર્લક્ષથી અધુરું રહે તેવું સમજાય.

અક્ષરો મરોડદાર કાઢો પ્રમાણભૂત કાઢો સુવાચ્ય લખો એવી સૂચના માત્ર કારગત ન નિવડી, તેને માટે પ્રોજેક્ટ ટાઈપ કામ કરવું પડે.

બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખો છેક પ્રા. શિક્ષણથી મથવું પડે. પરિણામ મળે. હું આવો પ્રોજેક્ટ લેતો S.S.C. નાં પેપરો તપાસ્યાં છે.

તપાસતાં મિત્રોને જોયા છે. ૧૦મા ધોરણનો છોકરો લખે છે તે વાંચી શકાતું નથી. ન વંચાય તો શું થાય ? આપ સમજો છો. ચર્ચાનો વિષય નથી. પણ મારો સવાલ છે. આ કેળવણીમાં ન આવે ?

તેનો અભ્યાસક્રમ બનાવવો પડે ? કેટલુંક શિક્ષણ તાણાવાણાની જેમ વણાયેલું થાય તેમાંથી પોત બને ! કાપડ આંખથી પસંદ થાય તે પહેલાં અંગુઠો અને પહેલી આંગળી વચ્ચે પરીક્ષાય છે. તે પોતે ! પોત સારું નથી, સાડી લેવી નથી. અક્ષરો સારા નથી. ચાલશે શા માટે ? ચાલશેની ઘાતકતા આપણે નહિ વિચારીએ તો બીજુ કોણ વિચારશે ? આદત પાડો.

અક્ષરો આપણા વ્યક્તિત્વનો અરિસો છે.

આપણા વ્યક્તિત્વની ચાડી ખાય છે.

અક્ષરો જોઈ એ વ્યક્તિના જીવનમાં ડોકીયું થઈ જાય છે. કક્કાનો પ્રમાણભૂત ‘ક’ અને વ્યક્તિએ વ્યક્તિએ લખાતો ‘ક’ અર્થની દૃષ્ટિએ ભલે એક હોય પણ એનો મરોડ, પ્રમાણ, વળાંક ઘણું વિચાર કરવા પ્રેરે છે. હેફેઝેડ અક્ષરોએ કેળવણી તો અધુરી રાખી પણ જીવન પણ અક્ષરો જેવું ઘડ્યું ! બાળપણથી પલાંઠીવાળી યોગ્ય આસનમાં. પર્યાપ્ત સુવિધાઓથી, ચીવટ અને ચોકસાઈથી ધીરજપૂર્વક લખવા ટેવાયેલો બાળક મોટી ઉંમરે અક્ષરોથી જ નહિ ચારિત્ર્યથી પણ પ્રભાવ પાડે ! આટલું ઉંડાણ છે. તો આપણા અને બાળકોના અક્ષરો માટે દુર્લક્ષ કેમ સેવાય ?

મેં ઘણા ને ઘણાના સારા અક્ષરો જોયા છે. તેમના વ્યક્તિત્ત્વનો કેટલેક અંશે પરિચય પણ છે. બે સારા અક્ષરોવાળા વ્યક્તિઓના અક્ષરો પણ એક બીબાના નથી ! દરેકની મૌલિકતા છે. જેમ ઈશ્વરના સર્જનના બે ચહેરા એક નથી તેમ એક અક્ષરવાળા બે વ્યક્તિ લગભગ દુર્લભ ! અક્ષરો તમને ખુલ્લા પાડે છે તમે છુપાઈ શકતા નથી. સહીનું એ તો મહત્ત્વ છે. નહિ તો હું ગરીબ શું કામ રહું ? અંબાણી બંધુઓના ખાતામાં શું ખોટ છે ? તેમની સહી કરી રાતોરાત કરોડપતિ ન બનું ? પણ એ શક્ય નથી. મૌલિક છે. આપણે બાળકોના પ્રમાણભૂત અક્ષરોની મૌલિકતા ઊભી કરવા મથવું જોઈએ.

o કોઈપણ વિષયનો શિક્ષક પહેલાં ભાષાનો શિક્ષક છે. સ્વીકારો, તેણે બાળકના લખાણને / અક્ષરોને કુંભારની જેમ ટપારતા રહેવાનું છે.

- ક્યારેક વર્ગ પુરો થયા પછી તમે બીજા વર્ગમાં પ્રવેશો અને કા.પા. કાર્ય તરફ નજર કરો તો તે ઘણું કહી જશે. વર્ગ છોડનાર શિક્ષકનું પ્રતિબિંબ તેમાં પડશે. (ગમે તે વિષય હોય) મેં એવું કા.પા. કાર્ય જોયું છે કે.....

સુંદર અક્ષરો હોય, આયોજનબદ્ધ વિભાગોમાં લખાણ હોય, સુંદર ગોઠવણી હોય, સીધુ સુઘડ લખાણ હોય, પુનરાવર્તનની ગરજ સારતું હોય- કૃષ્ણ ફલકનો ફોટો પાડી લેવાની ઈચ્છા થાય ડસ્ટર હાથમાં રહી જાય લૂંછવાની ઈચ્છા ન થાય. આમાંથી બાળકોને પ્રેરણા મળે, ઘડાય આચારમાં લાવો. તેનો પ્રભાવ પડે.

o હું દિવસમાં દશ વખત લખુ તો દરેક વખતે અક્ષરો સારા જ આવે પણ બદલાય, જોઈને લખો બદલાય, સાંભળીને લખો બદલાય, બે ધ્યાન હો તો બદલાય, નિર્ણયાત્મક નહો તો બદલાય, બેઠક બદલો તો બદલાય, ભૌતિક ચીજો બદલો તો બદલાય, વિચારેલુ લખો તો જુદી ધારા લખતી વખતે વિચારો તો જુદી ધારા.

- અનુભવે સમજાયું છે, અક્ષરોનું સામ્રાજ્ય છે. એમાં ડોકિયું કરવાનું છે. ક્યારેક સમ્રાટ બનાય. તમારા અક્ષરો બહુ સારા !

## સારા અક્ષર કોને કહેવાય ?

૧. અક્ષરોનો યોગ્ય વળાંક, સુંદર મરોડ.
૨. અક્ષરો સપ્રમાણ, એક સરખા માપના.
૩. આખું લખાણ સીધી લીટીમાં.
૪. ગુજરાતી અક્ષરો લીટી નીચે, લીટીને અડીને.
૫. અક્ષરોની બે હાર વચ્ચે યોગ્ય અંતર
૬. એક શબ્દના અક્ષરો ભેગા. છૂટાછૂટા નહિ.
૭. બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર, શબ્દો છૂટાછૂટા
૮. સમાન વળાંકવાળા અક્ષરોના વળાંક સ્પષ્ટ ઓળખાઈ આવે એવા.
   ય, ચ, મ. ભ, ઘ, ધ, પ, ય, ક્ષ, જ્ઞ, ખ, બ
૯. જોડાક્ષરો યોગ્ય રીતે જોડેલા.
૧૦. સ્વરની સંજ્ઞાઓનો ઉપયોગ યોગ્ય રીતે.
૧૧. હાંસિયો અવશ્ય રાખવો.
૧૨. ફકરા પાડવા જ જોઈએ.
૧૩. વિરામચિહ્નો નો યોગ્ય જગ્યાએ ઉપયોગ.
૧૪. જોડણી સાચી, જોડણીની ભૂલો વગરનું લખાણ.
૧૫. ડાઘાડૂઘી વગરનું છેકછાક વગરનું લખાણ.
૧૬. અતિ ધીમા નહિ, અતિ ઉતાવળે નહિ, યોગ્ય ઝડપે લખવાની ટેવ.


## સારા અક્ષર કરવા શું કરવું જોઈએ ?

૧. સારા અક્ષરોના નમૂના એકત્ર કરવા. તે કેમ સારા છે તે જોવું - બતાવવું.
૨. ખરાબ અક્ષરોના નમૂના એકત્ર કરવા. તે કેમ ખરાબ છે તે જોવું - બતાવવું.
૩. અક્ષરો સારા કે ખરાબ કરવા તે આપણા હાથની વાત છે.
૪. "પ્રત્યેક માણસ કાળજી રાખે તો સુંદર અક્ષરે લખી શકે." એવો આત્મવિશ્વાસ જગાડવો.
૫. વિદ્યાર્થી શિક્ષકના અક્ષરને આદર્શ ગણે છે માટે શિક્ષકે તો અક્ષર સારા કરવા જ જોઈએ.
૬. ખૂબ લખવાનું હોયતો કંટાળો આવે છે, અક્ષરોમાં બેકાળજી થાય છે માટે વધારે પડતું લખવાનું ન આપવું.
૭. નહિ બહુ ઉતાવળે કે નહિ બહુ ધીમે, શરૂઆતથી જ યોગ્ય ઝડપે લખતાં શીખવવું.

સંકલન : ડૉ. એ. વી. પટેલ
ડાયટ, સંતરામપુર

૮. લખતાં શીખે તે પહેલાં આકારોનો, વળાંકોનો મહાવરો બરાબર કરાવવો.
૯. સીધી રેખા સૈનિકની જેમ સીધી ઊભેલી.
૧૦. સાદા વળાંકો, રેખાઓ થી થઈ શકતાં ચિત્રો દોરી બતાવવાં, પછી તેમ કરવા કહેવું.
૧૧. છાપેલા, હાથે લખેલા સુંદર અક્ષરો જોઈને તેના જેવું સુંદર લખવાનો મહાવરો કરે.
૧૨. સુયોજિત તાલીમ અને સતત મહાવરાથી સુંદર અક્ષર થઈ શકે છે.
૧૩. લખવાનાં સાધનો સ્વચ્છ હોવાં જોઈએ.
૧૪. મનમાં વિચારીને વાક્યો ગોઠવીને લખે જેથી પછી છેકછાક ન કરવી પડે.
૧૫. લખેલું ફરીથી તપાસી જવાની ટેવ પાડે.
૧૬. જે કંઈ લખીએ તે સુંદર અક્ષરે જ લખીએ તેવો આગ્રહ.
૧૭. હરીફાઈ જો કરવી હોયતો આટલું કર્યા પછીજ.

મહાવરા માટેનાં વળાંકો



મહાવરામાં ઉપયોગી થાય તેવી આ અને આવી બીજી ઘણી આકૃતિઓ આપી શકાય.

મહાવરા માટેના અક્ષરો સરખા વળાંકો સાથે

ડ ડ ક ઠ ફ હ

ટ ઢ ર ચ સ શ

પ ષ ય થ ૧ વ ૭

દ ઘ ધ છ ૩ રુ ૬ ૦

ઈ ૮ જ ગ ઝ ણ ઝ

લ ળ મ અ ખ

બ ત ન ક્ષ જ્ઞ શ્ર ૠ

→ પ્રયોગ કર્યા પછીનાં આ અંગેનાં આપનાં સૂચનો આવકાર્ય છે.
→ ડાબોડીઓ પણ સુંદર અક્ષર કરી શકે છે.
→ તેમને ડાબે હાથે લખવા માટે ટોકવા નહિ. ડાબે હાથે લખવા દેવું.
→ કોઈએ તેમનામાં ડાબોડીપણા માટે લઘુતા ઊભી કરી હોય તો તે દૂર કરી ડાબોડીઓના ઉજ્જ્વલ દૃષ્ટાંત બતાવી આત્મવિશ્વાસ જગાડવો.
→ મૂલ્યાંકન વખત ગુણાંકનમાં સુંદર અક્ષરના બધા મુદ્દાને આવરીને મૂલ્યાંકન કરવું. એકપણ મુદ્દો છૂટવો ન જોઈએ.
→ બે થી વધુ વ્યક્તિઓ દ્વારા મૂલ્યાંકન કરાવવું.
→ બધા મુદ્દાને આવરી લેતા ગુણાંકન પત્રકમાં જ ગુણાંકન કરાવવું.

**સુંદર હસ્તાક્ષર**

⇨ સારા અક્ષર સારા શિક્ષકનું પહેલું પગથિયું છે.
⇨ સારા અક્ષર એ એક કલા છે.
⇨ મરોડદાર, સુઘડ અને સ્પષ્ટ અક્ષરો સૌને આકર્ષે છે.
⇨ બચપણથી જ આ કાળા સાધ્ય કરવાની સાધના કરવી જોઈએ.
⇨ સારા અક્ષર બાળકના વિકાસમાં અજબ આત્મવિશ્વાસ પ્રેરે છે.
⇨ નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે.
ગાંધીજી.
⇨ એકવાર અક્ષરોનો મરોડ આંગળીઓનાં ટેરવામાં સ્થિર થયા પછી જીવનભર એજ મરોડ કાયમ રહે છે.
⇨ અક્ષરો સુવાચ્ય, આંખને ગમે તેવા, મનમોહક મરોડદાર થાય તે સારા અક્ષર.
⇨ પ્રત્યેક શિક્ષિત વ્યક્તિ માટે સુંદર અક્ષરો એ પ્રસંશનીય સિદ્ધિ છે.

# સરખી સહિયર અમે સાથ સાથ ઘૂમશું

શેરીમાં સાદ કરી કહીશું રે લોલ.....
કેટલા જમાનાથી વેઠી છે વેદના
આવડો જુલમ નહીં સહીશું રે લોલ.....

ઘરખૂણે કેદ કર્યા, ઘર કૂકડી નામ દીધાં
નીકળ્યા જો બહાર ત્યારે પળપળ બદનામ કીધાં
એવાં અપમાન નહીં સહીશું રે લોલ.....

કુળની મર્યાદા અને ધર્મોની જાળમાં
રૂઢિરિવાજ અને ઘરની જંજાળમાં
કેટલા દિવસ હવે રહીશું રે લોલ.....

આપણા દુઃખોને હવે આપણે જ ફેડવા
ટક્કર ઝિલવી છે હવે આંસુ ના રેડવા
વજ્જર હૈયાના અમે થઈશું રે લોલ.....

સાથે મળીને અમે શમણા ઉછેરશું
સદીઓ પુરાણાં આ બંધનને તોડશું
ખળખળતી નદીઓ થઈ વહીશું રે લો.....

# સુખ અને આનંદમય બને તેવી શૈક્ષણિક પ્રક્રિયા

'મૈત્રી' ભાવનું પવિત્ર ઝરણું મારા સુધી વહેતુ આવ્યુ. મને આ ઝરણાએ ખોબે ખોબે એના મીઠા જળનું પાન કરાવ્યું; અને બોલ્યું કે, 'શિક્ષણનું ગુણવત્તાલક્ષી સર્વવ્યાપીકરણ એજ અમારો સંકલ્પ.'' આ સક્રિય એકતાનું શૈક્ષણિક સાધનાનું જીવતું જીવન સ્વરૂપ છે. આ માત્ર ચેતનાજ નહીં પણ જેને સભાનતાનું વિશેષણ લગાડવામાં આવે છે તે શિક્ષણ છે. શિક્ષકના મનમાં આ સભાનતા જાગે તે શિક્ષકનું આગવું લક્ષણ છે. એટલે જ એ શિક્ષક છે. તે માસ્તર નથી. તેના મનમાં ઉઠતી માનસિક ક્રિયા એ એની આગવી પ્રક્રિયા છે. એનું આગવું દષ્ટિ બિંદુ છે. અને તેજ માનવ છે. બીજાનો હિતરક્ષક છે. બાળકનું જીવન ઝરણું તેના પવિત્ર મનમાંથી હંમેશાં વહેતું રહે છે. એટલે જેવો શિક્ષક તેવું બાળક, વિદ્યાર્થી, વિદ્યાર્થીનો જીવન દીપક આજ શિક્ષકના આપેલા મહેનતરૂપી અનુભવથી જલતો રહે છે. આખા સમાજ, રાષ્ટ્ર, ધર્મ ને એકતાનું અજવાળું છે. શ્રી ચંદુભાઈ ભટ્ટે કહ્યું છે તેમ, ''શિક્ષણની ક્રિયા મનુષ્યની શક્તિઓની ખિલવણી ઉપરાંત, મનુષ્યના પરસ્પરના વર્તન વ્યવહારની ખિલવણી અથવા વિકાસને આવરી લે છે.'' એવું 'મૈત્રી'માં હાર્દ રહેલું છે. અને તે દરેક શિક્ષકના હાર્દમાં વહેતું આગવું ઝરણું છે. શિક્ષણ પ્રવાણ છે. નૂતન શિક્ષણ છે.

**માનવ સમાજની જવાબદારી :**

જે દિવસે ભારતમાં આઝાદી આવી, ભારતીય માનવ સમુદાય પરતંત્રતાની બેડીઓમાંથી મુક્ત થયું, તે દિવસથી જ ભારતને માનવ સરકારની રચના કરવાનો અધિકાર પ્રાપ્ત થયો. અને આજ દિવસથી દરેક જાતિઓએ શાળામાં ભણવાનો અધિકાર મેળવ્યો. માનવ માત્ર તે ભારતીય હોય કે વિદેશી તેને સામાજિક જીવન જીવવાના હક્કો મળ્યા. શિક્ષણમાં પણ સામૂહિકતાએ નવિન રૂપ ધારણ કર્યું. તે સાથેજ શિક્ષણની નવી કરવટ બદલાઈ. શિક્ષણકારોએ નવીન મત રજૂ કર્યા. અને એક સમગ્રજીવનને આવરી લેતું, સમાજને સાંકળતું, જીવનદોરીને સંચાલન કરતું અને માનવ સમાજ તેમજ રાષ્ટ્રિયતાને સાંકળી લેતો એક શિક્ષણ પ્રવાહ શરૂ થયો. તેજ નવી શિક્ષણ નિતિ. આ નવી શિક્ષણ નિતિને માનવ સમાજની જવાબદારી પુરેપુરી નિભાવવાની તક આવી પરંતુ આપણે કુમળી કળિ ઉપર શિક્ષણનો ઘણો ભાર મૂક્યો છે. એટલે તો ભાર વિનાના ભણતરની વાતો આવી રહી છે. આમાં ગામડાનો બાળક અને શહેરી બાળક, ગામડાની કેળવણી અને શહેરની કેળવણી એક હોવા છતાં ઘણું મોટું અંતર છે. મોટાભાગના ગ્રામ્યકક્ષાના વિદ્યાર્થી સમુદાયને આ શિક્ષણ પ્રાપ્ત થાય છે કે કેમ એક મોટો સવાલ છે. એક બાજુ મોટી-મોટી સ્કૂલો, તેમાં જે પૈસા ખર્ચી શકે તે જ જઈ શકે. એક બાજુ ગામડાનો વિદ્યાર્થી અભ્યાસ કરે છે, તે આવા જ્ઞાનથી હંમેશાં વંચિત રહ્યો છે. એના ભાવિને અંધકારનો ડંસ લાગ્યો છે.તેની પાસે ઊંચી ફી ભરવાના પૈસા નથી. કપડાં નથી. મગજ છે પણ એનો વિકાસ કરવાનો મોકો નથી મળ્યો, તો આપણે આ હક્ક માટે બધા એ લડવુંજ જોઈએ. 'મૈત્રી'નો શિક્ષક આવી મિત્રતા માટે તૈયાર થશે ખરો ? તો આ શિક્ષક હાલ ગાંધી, સુભાષ, રવિન્દ્રનાથ કે સરદાર ને જન્મ આપી શકશે.

# હું તો પૂછું

રામ સૃષ્ટિનો સર્જનહાર ઈને તમુ ઓળખી લીયો
રામ ભગત તણો રખવાળ ઈને તમું ઓળખી લીયો

ભાળો હરગમાં વાદળ કાથા આયા ?
એમાં અમરત તણા નીર કીની ભર્યા ?
ઈથી વૃષ્ટિનો વરહાવનાર ઈની તમુ ઓળખી લ્યો.

ભાળો જન્મતાં પેંલા હાબદા કેણે કર્યા ?
હાથ લૂઈ વસમાં દૂધ કેણે ભર્યા ?
તેને સિંતા સે અપરંમપાર ઈની તમુ ઓળખી લ્યો.

ભાળો મોરના પીછામાં રંગ કેને પૂર્યો ?
એવા કીડીના આંતરડા કેણે પૂર્યો ?
એ તો ઝેણી કળાનો જાણનાર ઈને તમે ઓળખી લ્યો.

રામ સૃષ્ટિનો સરજનહાર
રામ ભગત તણો રખવાળ... ઈને તમુ ઓળખી લ્યો

સંક્લન : શ્રી શરદ એચ. પટેલ
સિ.લે. ડાયટ, સંતરામપુર

